પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ વર્ષ : ૨૮ અંક : ૧૬૫ કુલ પાના : ૪ તારીખ : ૦૬-૦૩-૨૦૨૫ ગુરુવાર કિંમત રૂા.૧.૫૦/-

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## રાહુલ ગાંધી ૭ અને ૮ માર્ચે અમદાવાદમાં તો મોદી ૭ માર્ચે સુરત અને ૮ માર્ચે નવસારીની મુલાકાત લેવાના છે

અમદાવાદ

ગુજરાતમાં ૬૪ વર્ષ પછી કોંગ્રેસનું રાષ્ટ્રીય અધિવેશન યોજાવા જઈ રહ્યું છે. ગુજરાતમાં કોંગ્રેસના રાષ્ટ્રીય અધિવેશનને લઈ રાષ્ટ્રીય નેતાઓનું આગમન શરૂ થઈ ગયું છે. આ અધિવેશનમાં હાજરી આપવા રાહુલ ગાંધી ૭-૮ માર્ચે ગુજરાતના બે દિવસના પ્રવાસે આવવાના છે. આગામી તા. ૮ અને ૯ એપ્રિલ ૨૦૨૫ના રોજ યોજાનારા એઆઈસીસી અધિવેશનનું સ્થળ નક્કી કરવા માટે છૈંઝઝ સંગઠન મહાસચિવ કે.સી. વેણુગોપાલ અમદાવાદ આવ્યા છે. અમદાવાદમાં ગુજરાત કોંગ્રેસ કાર્યાલય ખાતે આ અંગે એક મહત્ત્વપૂર્ણ બેઠક મળી હતી.



આ બેઠકમાં અધિવેશન અમદાવાદના રિવરફ્રન્ટ ખાતે યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

જ્યારે બીજી તરફ વડાપ્રધાન મોદી પણ બે દિવસ દક્ષિણ ગુજરાતની મુલાકાતે આવવાના છે. તેઓ પણ ૭ માર્ચે સુરત અને ૮ માર્ચે નવસારીની મુલાકત લેવાના છે. ઉલ્લેખનીય છે કે, બેઠક બાદ રાજીવ ગાંધી ભવનથી વેણુગોપાલ સહિતના નેતાઓનો કાફલો ગાંધીઆશ્રમ પહોંચ્યો હતો. ત્યાંથી તેઓ સીધા એરપોર્ટ ગયા હતા.

હરિયાણા, મહારાષ્ટ્ર અને ત્યારબાદ દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણી બાદ કોંગ્રેસે ગુજરાતમાં બે દિવસીય રાષ્ટ્રીય સંમેલન યોજવાની જાહેરાત કરી છે. ગુજરાતના અમદાવાદમાં કોંગ્રેસનું રાષ્ટ્રીય અધિવેશન યોજાશે. જેમાં કોંગ્રેસ હાઈકમાન્ડ ઉપરાંત દેશભરમાંથી ૩૦૦૦ જેટલા નેતાઓ ભાગ લેશે. આને ૨૦૨૫માં કોંગ્રેસનો સૌથી મોટો કાર્યક્રમ માનવામાં આવી રહ્યો છે.

કોંગ્રેસે ગુજરાતમાં બે દિવસીય રાષ્ટ્રીય અધિવેશનની જાહેરાત કરી ત્યારે રાજકીય વિશ્લેષકોને આશ્ચર્ય થયું. કારણ કે રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી હજુ દૂર છે. સામાન્ય રીતે રાજકીય પક્ષો ચૂંટણીના રાજ્યોમાં આવા કાર્યક્રમોનું આયોજન કરે છે જેથી અનુકૂળ વાતાવરણ સર્જાય. કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી ખુદ ગુજરાત મોરચે સક્રિય થઈ રહ્યા છે. તેઓ ૭-૮ માર્ચે ગુજરાતમાં હશે. કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી સંમેલન પહેલા ગુજરાતની મુલાકાતે આવશે તે માત્ર એક સંયોગ છે. ત્યારે પીએમ નરેન્દ્ર મોદી સુરતના પ્રવાસે આવશે. કોંગ્રેસે આવું અધિવેશન ૬૪ વર્ષ પહેલા ૧૯૬૧માં ગુજરાતના ભાવનગરમાં યોજ્યું હતું.

સંમેલનની તારીખો નજીક આવતા જ કોંગ્રેસની રણનીતિ સામે આવી છે. કોંગ્રેસ પાર્ટી આ બે દિવસીય સંમેલન દ્વારા ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીની તૈયારીઓનું રણશિંગુ ફૂંકવા માંગે છે. કોંગ્રેસ એ હકીકતનું અનુકરણ કરવા માંગે છે કે, તે આઠ વર્ષ પહેલા ૨૦૧૭ની ચૂંટણીમાં સત્તા જીતવાની ખૂબ નજીક આવી હતી, જ્યારે પાર્ટીએ ચૂંટણીના થોડા મહિના પહેલા તૈયારીઓ શરૂ કરી હતી.

કોંગ્રેસની રણનીતિ એવી છે કે આ વખતે તૈયારીઓ વહેલી શરૂ કરવામાં આવે તો ચિત્ર બદલી શકાય છે. કોંગ્રેસની આ રણનીતિનો ખુલાસો લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીના કાર્યક્રમમાં પણ થયો છે. તેઓ ૭-૮ માર્ચે ગુજરાત પ્રવાસ પર હશે, જે દરમિયાન મોદી સુરતમાં હશે. રાહુલ ગાંધી રાજકીય બાબતોની સમિતિની બેઠકમાં ભાગ લેશે. આ સાથે પ્રદેશ પ્રમુખ પૂર્વ પ્રદેશ પ્રમુખ અને વિપક્ષના નેતાને પણ મળશે. રાહુલ ગાંધી તમામ સેલ વિભાગના અધિકારીઓ સાથે બેઠક કરશે. ધારાસભ્યો અને પૂર્વ ધારાસભ્યો સાથે બેઠક કરશે. આ ઉપરાંત રાહુલ ગાંધી ગુજરાતના વિવિધ જિલ્લાના કાર્યકરો સાથે સંવાદ કરશે.

કોંગ્રેસના સૂત્રોના જણાવ્યા અનુસાર, રાહુલ ગાંધી પીએમ મોદી અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહને તેમના ગૃહ રાજ્યમાં પડકાર આપવા માંગે છે, જે ભાજપનો અભેદ્ય ગઢ બની ગયો છે. તેથી તેઓ ઈચ્છે છે કે પાર્ટી ગુજરાત પર ધ્યાન કેન્દ્રિત કરે. ગુજરાતમાં ભાજપ સૌથી મજબૂત સ્થિતિમાં છે, જ્યારે કોંગ્રેસ સૌથી નબળી સ્થિતિમાં છે. તાજેતરમાં પૂર્ણ થયેલી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીમાં કોંગ્રેસ ૧૩ નગરપાલિકામાંથી ૧ થઈ ગઈ હતી.

ગુજરાતમાં આમ આદમી પાર્ટી સતત કોંગ્રેસની વોટબેંકને ખાઈ રહી છે. આવી સ્થિતિમાં કોંગ્રેસ પાસે પોતાની વોટબેંકને બચાવીને ભાજપ સામે લડવા સક્ષમ બનાવવાનો બેવડો પડકાર છે. રાહુલ ગાંધી કોઈપણ વિલંબ કર્યા વિના આ કામમાં લાગી જવા માંગે છે. એટલું જ નહીં કોંગ્રેસના સંગઠનમાં જે ફેરફારો થવાના છે. કોંગ્રેસ તેની શરૂઆત ગુજરાત એકમથી કરશે. સંમેલનમાં તેની જાહેરાત કરવામાં આવશે. ભાજપની જેમ રાહુલ ગાંધી પણ ગુજરાતને લેબોરેટરી બનાવવા જઈ રહ્યા છે.

## સાયબર ગઠિયાએ એપ્લિકેશન થકી ટીમ બનાવી રોકાણકારને લગાવ્યો ૧૭ લાખનો ચુનો

અમદાવાદ


અમદાવાદ જિલ્લાના વિરમગામના જાણીતા સાડીના વેપારી જતીન મગનાની. વેપારી જતીનભાઈ ને માર્ચ ૨૦૨૪ થી જ્યારે અલગ અલગ આઈપીએલ, વર્લ્ડ કપ સહિતની મેચની સિરીઝ ચાલતી હતી તે દરમિયાન તેમના મોબાઈલ પર વોટ્સેપમાં એક લિંક આવી હતી. જેમાં ક્લિક કરતા ડ્રીમ ઈલેવન ડ્રીમ ટીમ સહિત અલગ અલગ નામના ફેસબુક પેજ ખુલતા હતા. જેમાં યોગ્ય ટીમ બનાવી સારું વળતર અપાવી દેવાની લાલચ આપી હતી. ફરિયાદી જતીનભાઈ લાલચમાં આવી શરૂઆતમાં થોડા રૂપિયાનું રોકાણ કર્યું હતું જે બાદ તેને વોટસએપ પર સ્ક્રીનશોટ આવ્યો હતો જેમાં તેઓની ટીમ સાડા ત્રણ લાખ રૂપિયા જીતી હોવાનું બતાવવામાં આવ્યું હતુ, જે પેટે તેમને જીતની રકમના ૫૦ ટકા આપવા પડશે તેવું કહી દોઢ લાખ રૂપિયા એક એકાઉન્ટમાં જમા કરાવડાવ્યા હતા અને આ રીતે વેપારી જતીનભાઈ પાસેથી અલગ અલગ સમયે ૧૭ લાખથી વધુની રકમ પડાવી લીધી હતી. વેપારી જતીનભાઈને તેના રૂપિયા પરત નહી મળતા તેને પોતાની સાથે છેતરપિંડી થયા હોવાનું ખ્યાલ આવતા તેને વિરમગામ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

વેપારી જતીનભાઈએ નવેમ્બર ૨૦૨૪ દરમિયાન ફરિયાદ નોંધાવી હતી જે ફરિયાદના આધારે ત્રણ મહિના સુધી વિરમગામ પોલીસ ટેકનિકલ સોર્સ આધારે આરોપીઓની શોધખોળ હાથ ધરી હતી. જે દરમ્યાન આરોપીની માહિતી મળતાં વિરમગામ ટાઉન પોલીસની એક ટીમ હરિયાણાના નૂહ જિલ્લાના એક ગામમાં આરોપીની ધરપકડ કરવા માટે પહોંચી હતી. પોલીસ દ્વારા વેશપલટો કરી આરોપીની ધરપકડ કરવા માટે પહોંચી હતી, જે દરમિયાન એ ગામમાં બેસણું ચાલતું હતું જેમાં પોલીસ પહોંચી હતી અને આરોપી વિશે તમામ માહિતી મેળવી હતી. જોકે ગામ લોકોને ખ્યાલ આવી જતા વિરમગામ પોલીસના સ્ટાફને ઘેરી લીધો હતો. જે બાદ સ્થાનિક પોલીસની મદદથી આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે મુલ્થાન મુડબાસ ગામથી આરોપી મોહમ્મદ એફ ધરપકડ કરી છે પોલીસે તેના ઘરનું પણ સર્ચ કર્યું હતું. આરોપી પાસેથી મોબાઈલ તેમજ ૪.૫૦ લાખ રૂપિયા રોકડા મળી આવ્યા હતા. પોલીસે સમગ્ર કેસમાં અલગ અલગ ૪૭ જેટલા બેંક એકાઉન્ટ પણ ફ્રીઝ કરવામાં આવ્યા છે જેની પણ તપાસ શરૂ કરવામાં આવી છે.

પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે પકડાયેલો આરોપી મહોમદ કેફ છેલ્લા ઘણા સમયથી તેના ગામમાં રહીને દેશના અલગ અલગ લોકો સાથે ફ્રોડ કરતો હતો, એટલું જ નહીં પરંતુ આ ગામના અન્ય લોકો પણ સાયબર ફ્રોડને અંજામ આપતી પ્રવૃત્તિ સાથે જોડાયેલા હતા. આરોપી મોહમ્મદ કેફ થોડા સમયથી જ સાયબર ફ્રોડ કરતા શીખ્યો હતો અને તેણે પોતે જ હ્લટ્ટષ્ઠીર્હ્વી પેજ તેમજ ઉરઙ્ગંજઈ લિંક સહિતની ટેકનિકલ વસ્તુઓ બનાવી હતી.

આરોપી મોહમ્મદ કેફ પોતાની રીતે જ સાયબર ફ્રોડને અંજામ આપતો હતો. જોકે હજી તે સાઈબર ફ્રોડ કરતાં શીખ્યો હતો તેથી અમુક ટેકનિકલ ખામીઓ રહી ગઈ હતી જેના આધારે વિરમગામ પોલીસ આરોપી સુધી પહોંચી હતી. આરોપી મોહમ્મદ કેફ ફેસબુક પર ડ્રીમ ઈલેવન વિનિંગ નામનું પેજ બનાવી તેને રોજેરોજ બુસ્ટ કરાવતો હતો. જેથી તે વધારેમાં વધારે લોકો સુધી પહોંચી શકે. સોશિયલ મીડિયા પર જે લોકો તેમાં આપેલી લીંક પર ક્લિક કરતા હતા. ત્યારે આરોપી તેનો મોબાઈલ નંબર મેળવી લોકોનો સંપર્ક કરતો હતો અને ડ્રીમ ઈલેવન ટીમ બાબતે લોકોને સમજાવી તેમાં શાદુવતમાં ૩૯૯ રૂપિયા ભરી ખાતું ખોલાવડાવતો હતો. આરોપી મોહમ્મદ કેફ સામેની વ્યક્તિને વિશ્વાસ આપતો હતો કે તેમના દ્વારા જે ટીમ બનાવવામાં આવશે તે ચોક્કસ વિજેતા બનશે તેમ કહી લોકોને પહેલા ત્રણથી ચાર લાખ વિજેતા થયા હોવાનો સ્ક્રીનશોટ મોકલતો હતો અને તે રૂપિયા મેળવવા માટે અલગ અલગ ટેક્સ ચૂકવવા પડશે. તેમજ જીતેલી રકમના ૫૦% તેમને આપવા પડશે તેવું કહી લોકો પાસેથી છેતરપિંડી કરતો હતો.હાલ તો વિરમગામ ટાઉન પોલીસે આરોપી મોહમ્મદ કેફની ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી છે. પોલીસ તપાસ કરી રહી છે કે મોહમ્મદ કેફ દ્વારા અન્ય કોઈ લોકોને તેમનો ભોગ બનાવ્યો છે કે કેમ અથવા તો મોહમ્મદ કેફની સાથે અન્ય કોઈ લોકો સામેલ છે કે કેમ. આ ઉપરાંત પોલીસ દ્વારા આરોપી મોહમ્મદ કેફની મિલકત પરથી ભોગ બનનાર ફરિયાદીના અન્ય રૂપિયા કઈ રીતે રિકવર થઈ શકે છે તેની પણ તપાસ શરૂ કરી છે.

## આફ્રિકામાં સાઉથ પોલનું સૌથી મોટું હિન્દુ મંદિર ખુલશે, ૨૦૨૭ સુધી દર્શન શરૂ થશે



જોહાનિસબગ

અબુધાબી પછી બોચાસણ નિવાસી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા હવે દક્ષિણ આફ્રિકાના જોહાનિસબગર્માં દક્ષિણ ધ્રુવનું સૌથી મોટું મંદિર બનાવી રહી છે. આ મંદિર જોહાનિસબગર્ના સૌથી વ્યસ્ત અને સુંદર લેન્સેરિયા કોરિડોરમાં ૩૭,૦૦૦ ચોરસ મીટરમાં બનાવવામાં આવી રહ્યું છે.

અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા અનુસાર, મંદિર અને સાંસ્કૃતિક સંકુલના નિર્માણનો પ્રથમ તબક્કો પૂર્ણ થઈ ગયો છે અને આગામી ત્રણ વષર્માં એટલે કે ૨૦૨૭ સુધીમાં તૈયાર થઈ જશે. તે સાઉથ પોલમાં સૌથી મોટું હિન્દુ મંદિર હશે.

ગયા વર્ષે ફેબ્રુઆરીમાં અબુધાબીમાં મધ્ય પૂવર્ના સૌપ્રથમ સુશોભિત કોતરણીવાળા હિન્દુ મંદિરના ઉદ્ઘાટન પછી,બીએપીએસએ દક્ષિણ આફ્રિકામાં આ મંદિર પર પૂરઝડપે કામ શરૂ કર્યું હતું. ગયા મહિને, વતર્માન ગુરુ મહંત સ્વામી મહારાજની હાજરીમાં મંદિરના ૩૩,૦૦૦ ચોરસ મીટરના સાંસ્કૃતિક સંકુલનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું અને હવે બીજા તબક્કામાં ૨,૫૦૦ ચોરસ મીટરના પરંપરાગત મંદિર સંકુલનું કામ શરૂ થશે.

બીએપીએસ દક્ષિણ આફ્રિકાના પ્રવક્તા હેમાંગ દેસાઈએ જણાવ્યું હતું કે, 'વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમની દક્ષિણ આફ્રિકાની છેલ્લી મુલાકાત દરમિયાન આ મંદિરના પ્રોજેક્ટનું અનાવરણ કર્યું હતું. અમને ખાતરી છે કે તેઓ આ વર્ષે દક્ષિણ આફ્રિકામાં (૨૨ અને ૨૩ નવેમ્બર) યોજાનારી ય૨૦ સમિટ દરમિયાન ફરી મુલાકાત લેશે.'

જો મંદિરની વિશેષતાની વાત કરીએ તો આ મંદિર શહેરના સૌથી સુંદર વિસ્તારમાં બનવા જઈ રહ્યું છે. ૧૪.૫ એકરમાં બનતા આ મંદિરમાં એક મોટો મીટિંગ હોલ, બેક્વેટ હોલ, સાત્વિક ભોજન માટે શાયોના રેસ્ટોરન્ટ, મંદિર હોલ અને વિવિધ પ્રવૃત્તિઓ માટે ૨૦ રૂમ હશે. ૩૩૦૦૦ ચોરસ મીટરમાં ફેલાયેલી હવેલીનું કામ પૂર્ણ થઈ ગયું છે. મંદિરના પાયાનું કામ થઈ ગયું છે અને ત્રણ વષર્માં મંદિર તૈયાર થઈ જશે. ભગવાન સ્વામી નારાયણ, તેમના શિષ્ય અક્ષર પુરુષોત્તમ જી, રાધાકૃષ્ણ, સીતારામ, શંકર પાર્વતી, ગણપતિ જી, તિરુપતિ બાલાજી, હનુમાનજી, કાર્તિક મુરુગન સ્વામીની મૂર્તિઓ જયપુર અને તિરુપતિ સહિત ભારતના વિવિધ શહેરોમાંથી લાવવામાં આવી છે.

## ૨૪ કલાકમાં પછી ૨ થી ૩ ડિગ્રી ઘટવાની આગાહી, માછીમારોને દરિયો ન ખેડવા સૂચના



અમદાવાદ

૨૪ કલાક બાદ અમદાવાદ સહિત રાજ્યભરમાં મહત્તમ તાપમાનમાં ૨થી ૩ ડિગ્રી સુધીનો ઘટાડો થવાની સાથે લઘુતમ તાપમાનમાં પણ આગામી ૫ દિવસ દરમિયાન ૨થી ૩ ડિગ્રી સુધીનો ઘટાડો થવાની શક્યતા છે. તાપમાનમાં આ ઘટાડાની સાથે લોકોને ગરમીથી થોડી રાહત મળવાની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે. હવામાન વિભાગ દ્વારા ગરમીથી આંશિક રાહત મળે એવી આગાહી કરવામાં આવી છે. ઉપરાંત દરિયાકાંઠાના વિસ્તારોમાં ૪૫થી ૫૦ કિમી ઝડપે પવનો ફુંકાવાના પગલે માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે

હવામાન વિભાગ દ્વારા હજુ પણ આગામી ૪૮ કલાક દરમિયાન રાજ્યના મહત્તમ અને લઘુતમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસના ઘટાડાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. તેનું મુખ્ય કારણ છે કે, હાલમાં ગુજરાત રાજ્ય પર ઉત્તર અને ઉત્તર પૂર્વ દિશા તરફથી પવન આવી રહ્યા છે તથા ગત સપ્તાહ દરમિયાન ઉત્તર ભારતના વિસ્તારમાં ભારે હિમવર્ષાની સ્થિતિ સર્જાઇ હતી તથા તે દિશા તરફથી ગુજરાત ઉપર પવન આવી રહ્યા છે.હવામાન વિભાગની આગાહી અનુસાર હાલમાં ગુજરાત રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં આજના દિવસ માટે માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે. કારણ કે દરિયાકાંઠાના વિસ્તારોમાં આજે ૪૫થી ૫૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે તથા અરબ સાગરમાં મજબૂત પ્રેશર ગ્રેડિયન્ટ સર્જાયું છે. જેને કારણે ઝડપી ગતિએ પવનો ફુંકાશે તેથી સમગ્ર ગુજરાત રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારો માટે માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે તથા યલો એલર્ટ પણ જાહેર કરવામાં આવ્યું છે.

હવામાન વિભાગના ડાયરેક્ટર ડોક્ટર એ.કે.દાસના જણાવ્યા અનુસાર ગુજરાત રાજ્ય ઉપર હાલમાં ઉત્તર અને ઉત્તર પૂર્વ દિશા તરફથી પવન આવી રહ્યા છે તથા તાજેતરમાં જ વેસ્ટન ડિસ્ટર્બન્સ પસાર થતા તેની અસરને કારણે આગામી ૪૮ કલાક દરમિયાન મહત્તમ તાપમાનમાં ઘટાડો આવશે એટલે કે ગરમીથી રાહત મળવાની પૂરતી સંભાવના છે. આ ઉપરાંત આજે દિવસ દરમિયાન ઝડપી ગતિએ પવન ફૂંકાવાની પણ શક્યતાઓ છે.

જેથી ગરમીથી રાહત મળશે. આગામી ૨૪ કલાક દરમિયાન અમદાવાદ અને આસપાસના વિસ્તારમાં વાતાવરણ શુષ્ક રહેવાની સાથે મહત્તમ તાપમાન ૩૪થી ૩૫ ડિગ્રી સેલ્સિયસ તથા લઘુતમ તાપમાન ૨૦ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની શક્યતાઓ છે.

## નકલી કચેરી, નકલી ડોક્ટર બાદ હવે મહિલા નકલી અધિકારી પકડાઈ,ડીવાયએસપી તરીકે ઓળખ આપી

આણંદ

ગુજરાતમાં નકલીનો રાફડો ફાટી નીકળ્યો છે. રાજયમાં અવારનવાર નકલી અધિકારીઓ, નકલી કચેરીઓ અને નકલી ડોક્ટર પકડાવાના ઘણા કિસ્સાઓ સામે આવ્યા છે. ત્યારે હવે આ નકલીના કૌભાંડમાં વધુ એક નકલી અધિકારી સામે આવ્યો છે. આ વખતે નકલી મહિલા અધિકારી પકડાઈ છે. પોતાને ડીવાયએસપી ગણાવતી આણંદના સોજીત્રાની નિશા વ્હોરાની પોલીસે પૂછપરછ હાથ ધરી છે.

હવે તો પોલીસના ઉચ્ચકક્ષાના અધિકારી પણ નકલી હોય એવી સ્થિતિ ઉભી થઈ છે. અમદાવાદ ક્રાઈમબ્રાંચમાં ડીવાયએસપી તરીકે નિમણૂંક પામી હોવાનો દાવો કરનાર સોજીત્રાની નિશા વોહરાની પૂછપરછ કરવામાં આવી રહી છે. આણંદના સોજીત્રાની નિશા વ્હોરા પોતાને ડીવાયએસપી તરીકે ઓળખાવતી હતી અને અમદાવાદ સાયબર ક્રાઈમમાં કાર્યરત હોવાનો તે દાવો કરતી હતી. બે વર્ષ પહેલા તેણે જીપીએસીમાં પ્રથમ રેંક્ર સાથે પરીક્ષા પાસ કરી હોવાની ખોટી પ્રસિદ્ધિ મેળવી હતી. એટલું જ નહીં, પણ સરદાર પટેલ યુનિવર્સિટીએ પણ સોશિયલ મીડિયામાં પોસ્ટ કરીને અભિનંદન આપ્યા હતા.

નિશા વહોરાનું સન્માન સોજીત્રાના ધારાસભ્ય અને મુખ્યમંત્રી પણ કરી ચુક્યા છે. જે-તે સમયે નિશા વ્હોરાએ જીપીએસસીની પરીક્ષા પાસ કરવા માટે સંઘર્ષની ખોટી કહાની પણ કહી હતી. તૈયારી માટે કોઈ ક્લાસિસ જોઈન કર્યા વગર જ આપબળે સફળતા મેળવી હોવાનો નિશાએ દાવો કર્યો હતો. જો કે, તપાસ કરતા જાણવા મળ્યું કે જીપીએસસીના રિઝલ્ટમાં ક્યાંય નિશાનું નામ જ નથી. નિશા વોહરા ક્યાંય નોકરી પણ નથી કરતી. તપાસ કરતા તમામ વાતો ઉપજાવી કાઢેલી નીકળી ત્યારે આણંદ પોલીસ હરકતમાં આવી ગઈ. ત્યારે નકલી ડીવાયએસપીનું ભૂત ધૂંણતા આણંદ પોલીસ એક્શનમાં આવી ગઈ છે. નિશા વહોરાની આણંદ ન્ઝ્રમ્એ પૂછપરછ હાથ ધરી છે. મોડી રાત સુધી મહિલા અધિકારીની ટીમ દ્વારા પૂછપરછ કરાઈ. પોતાને ડીવાયએસપી કહેતી નિશા વહોરા સામે સવાલો ઉભા થયા છે. નિશા વોહરાએ પોતાનો ખોટો પ્રચાર-પ્રસાર શા માટે કર્યો તે મોટો સવાલ છે.

મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ શહેરાની કોર્ટમાં મુ.શહેરા, તા.શહેરા.

અરજદારઃ-મહંમદયુનુસ અબ્દુલહકીમ શેખ,રહે.શહેરા, તા.શહેરા,જી.પંચમહાલ.

વિરૂદધ

સામાવાળાઃ- જન્મ-મરણ સબરજીસ્ટારશ્રી,નગરપાલીકા શહેરા,તા.શહેરા, જિ.પંચમહાલ.

આથી જાહેર જનતાને આ નોટીસ દવારા જણાવવાનું કે, ઉપરોકત અરજદારશ્રીના ભાઈ નામે મહમ્મદમકસુદ અબ્દુલ હકીમ શેખનો તા.૧૫/૦૬/૧૯૬૯ તથા ભાઈ નામે મહમ્મદહનિફ અબ્દુલ હકીમ શેખનો તા.૦૩/૧૧/૧૯૭૦ ના રોજ મોજે.શહેરા, તા. શહેરા, જિ.પંચમહાલ મુકામે જન્મ થયેલ. જે બાબતની નોંધ જે તે વખતે અરજદારની ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઈ અરજદારે ભાઈઓના જન્મની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા અપીલ નં.૪૩/૨૦૨૫ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે જન્મની નોંધણી સામે કોઈનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં લેખીત વાંધા રજુ કરવો. જો મુદત સમયમાં કોઈ વાંધો કે તકરાર નહી આવે તો અત્રેની કોર્ટ દવારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો.૦૪ માહેઃ- માર્ચ, સને ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

હુંકમથી
મામલતદાર
અને
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ શહેરા

કોર્ટનો સિક્કો

મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ શહેરાની કોર્ટમાં મુ.શહેરા, તા.શહેરા.

અરજદારઃ- બારીઆ ચંદનભાઈ પર્વતભાઈ.રહે.ગુણેલી, તા.શહેરા,જી.પંચમહાલ

વિરૂદધ

સામાવાળાઃ- તલાટી કમ મંત્રીશ્રી, ગુણેલી,તા.શહેરા, જિ.પંચમહાલ.

આથી જાહેર જનતાને આ નોટીસ દવારા જણાવવાનું કે, ઉપરોકત અરજદારશ્રીના પુત્ર નામે બારીઆ રણજીતભાઈ ચંદનભાઈનો તા.૨૨/૦૩/૨૦૦૨ ના રોજ મોજે.ગુણેલી, તા.શહેરા, જિ.પંચમહાલ મુકામે જન્મ થયેલ. જે બાબતની નોંધ જે તે વખતે અરજદારની ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઈ અરજદારે પુત્રના જન્મની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા અપીલ નં.૨૦/૨૦૨૪ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે જન્મની નોંધણી સામે કોઈનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં લેખીત વાંધા રજુ કરવો. જો મુદત સમયમાં કોઈ વાંધો કે તકરાર નહી આવે તો અત્રેની કોર્ટ દવારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો.૦૪ માહેઃ- માર્ચ, સને ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

હુંકમથી
મામલતદાર
અને
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ શહેરા

કોર્ટનો સિક્કો

મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ શહેરાની કોર્ટમાં મુ.શહેરા, તા.શહેરા.

અરજદારઃ- વણઝારા લીલાબેન થાવરભાઈ,રહે.નાડા, તા.શહેરા,જી.પંચમહાલ.

વિરૂદધ

સામાવાળાઃ- તલાટી કમ મંત્રીશ્રી,તા.શહેરા, જિ.પંચમહાલ.

આથી જાહેર જનતાને આ નોટીસ દવારા જણાવવાનું કે, ઉપરોકત અરજદારશ્રીના પુત્ર નામે વણઝારા દિપસિંહ થાવરસિંહનું તા.૦૫/૦૬/૧૯૮૨ ના રોજ મોજે.નાડા, તા.શહેરા, જિ.પંચમહાલ મુકામે જન્મ થયેલ. જે બાબતની નોંધ જે તે વખતે અરજદારની ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઈ અરજદારે પુત્રના જન્મની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા અપીલ નં.૬૨/૨૦૨૫ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે જન્મની નોંધણી સામે કોઈનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં લેખીત વાંધા રજુ કરવો. જો મુદત સમયમાં કોઈ વાંધો કે તકરાર નહી આવે તો અત્રેની કોર્ટ દવારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો.આજ તા.૦૪માહેઃ- માર્ચ, સને ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

હુંકમથી
મામલતદાર
અને
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ શહેરા

કોર્ટનો સિક્કો

મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ શહેરાની કોર્ટમાં મુ.શહેરા, તા.શહેરા.

અરજદારઃ- પટેલીયા રેખાબેન લક્ષ્મણભાઈ,રહે.ખોજલવાસા, તા.શહેરા, જી.પંચમહાલ.

વિરૂદધ

સામાવાળાઃ- તલાટી કમ મંત્રીશ્રી,ખોજલવાસા,તા.શહેરા, જિ.પંચમહાલ.

આથી જાહેર જનતાને આ નોટીસ દવારા જણાવવાનું કે, ઉપરોકત અરજદારશ્રીના પિતા નામે બારીઆ ગુલાબસિંહ સબુરભાઈનો તા.૧૬/૧૦/૧૯૯૮ ના રોજ મોજે.ખોજલવાસા, તા.શહેરા, જિ.પંચમહાલ મુકામે મરણ થયેલ. જે બાબતની નોંધ જે તે વખતે અરજદારની ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઈ અરજદારે પિતાના મરણની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા અપીલ નં.૭૮/૨૦૨૫ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે મરણની નોંધણી સામે કોઈનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં લેખીત વાંધા રજુ કરવો. જો મુદત સમયમાં કોઈ વાંધો કે તકરાર નહી આવે તો અત્રેની કોર્ટ દવારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો.૦૪ માહેઃ- માર્ચ, સને ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

હુંકમથી
મામલતદાર
અને
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ શહેરા

કોર્ટનો સિક્કો

# છોટાઉદેપુર નગર સેવા સદનના પ્રમુખ તરીકે મંજુલાબેન કિશનભાઈ કોલીની બિનહરીફ વરણી કરવામાં આવી




**ભાજપમાં જોડાયેલ પરવેઝભાઈ મકરાણીની ઉપ પ્રમુખ તરીકે બિનહરીફ તરીકે વરણી કરવામાં આવી. કારોબારી ચેરમેન તરીકે અલ્પાબેન શાહ,, પક્ષના નેતા પ્રતિકાબેન જાની, અને દંડક પ્રશાંતભાઈ પટેલ નિમાયા. ૧૯૯૬ બાદ પ્રથમવાર ભારતીય જનતા પાર્ટીએ સ્પષ્ટ બહુમતીથી બોર્ડ બનાવ્યું કાર્યકરો અને સમર્થકોમાં ભાર**

છોટાઉદેપુર,
લોકસભા સાંસદ જશુભાઈ રાઠવા જીલ્લા ભાજપ પ્રમુખ ઉપેન્દ્રભાઈ પૂર્વ રાજ્યસભા સાંસદ નારણભાઈ રાઠવા રાઠવા વડોદરા શહેર પ્રમુખ ડોક્ટર વિજયભાઈ શાહ સૌરભભાઈ શાહ તથા જીલ્લા સહિત ભાજપના અગ્રણી અને કાર્યકર્તાઓની હાજરીમાં પ્રમુખ અને ઉપપ્રમુખને બિનહરીફ વરણી કરવામાં આવી.

છોટાઉદેપુર નગરપાલિકા ના પ્રમુખ ની ચૂંટણી આજરોજ ૫ માર્ચ ૨૦૨૫ના ચૂંટણી અધિકારી વિમલ બારોટ અને ચીફ ઓફિસર ભવિનભાઈ બરજોડના અધ્યક્ષ સ્થાને નગર સેવા સદન ખાતે ૩ કલાકે યોજાઇ હતી. જેમાં ભારતીય જનતા પાર્ટીની સ્પષ્ટ બહુમતી હોય જે અંતર્ગત બિન હરિફ તરીકે મંજુલાબેન કિશનભાઈ કોલી અને ભાજપમાં જોડાયેલ પરવેઝભાઈ મકરાણીની ઉપપ્રમુખ તરીકે વરણી કરવામાં આવી હતી. જયારે કારોબારી ચેરમેન તરીકે અલ્પાબેન શાહ, પક્ષના નેતા પ્રતિકાબેન જાની અને દંડક પ્રશાંતભાઈ પટેલ નિમાયા હતા. છોટાઉદેપુર નગરમાં ૧૯૯૬ બાદ પ્રથમવાર ભારતીય જનતા પાર્ટીએ સ્પષ્ટ બહુમતીથી સત્તા હાંસલ કરી બોર્ડ બનાવ્યું છે. જેથી કાર્યકરો અને સમર્થકોમાં ભારે આનંદની લાગણી ફેલાઈ છે.

# સંતરામપુર પાલિકા દ્વારા નવા બનેલ આર.સી.સી.રસ્તાઓ ગેસ લાઈન માટે ખોદી નાખતા રહિશોને હાલાકી

સંતરામપુર,
સંતરામપુર નગરપાલિકા દ્વારા વિવિધ વિસ્તારોમાં બનાવેલા નવાજ આરસીસી રસ્તાઓ અદાણી ગેસ નાખવા માટે તોડી પાડ્યા. સ્થાનિક રહીશોને હાલાકી વધી સંતરામપુર નગરપાલિકા દ્વારા થોડા સમય નગરના વિવિધ વિસ્તારોમાં સ્થાનિક રહીશોને સુવિધા માટે આરસીસી રસ્તા બનાવવામાં આવેલા હતા. જેમાં મંગલ જ્યોત સોસાયટી રત્નદીપ સોસાયટી સરદાર નગર સોસાયટી અમરદીપ સોસાયટી વિવિધ સોસાયટીમાં આરસીસી પાકા રસ્તા બનાવવામાં આવેલા હતા.



દરેક રહીશોને ઘર પાસે દરેક વ્યક્તિને અદાણી ગેસ કનેક્શન આપવામાં આવી રહ્યું છે. ઘરની આગળ જ કનેક્શન આપ્યા પછી ખાડા પર રેગ્યુલર પુરવામાં આવેલા જ નથી. છેલ્લા એક મહિનાથી રસ્તા તોડ્યા પછી અને ખાડા ખોદયા પછી ધૂળ ડમરી ઉડવાથી સ્થાનિક રહીશોની મુશ્કેલી વધી ગેસ કનેકશન આપ્યા પછી આ જ રીતની પરિસ્થિતિ દરેક સોસાયટીમાં જોવા મળી આવેલી છે. આના કારણે રોજ ધોળા તો પાણી અને માટી સાથે ભેગું થતાં આખો રસ્તો ખરાબ થતો હોય છે, નવા જ બનાવેલા રસ્તાઓ તોડી કાઢ્યા છે, તો આનો ખર્ચ કોણ ભોગવશે અને આ નુકસાન કોણ ભોગવશે. નગરપાલિકા આ બાબતમાં કઈ બોલવા તૈયાર નથી. સંતરામપુર નગરજનો માટે ગુજરાત સરકાર દ્વારા પ્રાથમિક સુવિધા અને સારા રસ્તા પુરી પાડવા માટે અટક ગ્રાન્ટ ફાળવતી હોય છે, તેની પાછળ ખર્ચ કર્યા પછી પણ દૂર ઉપયોગ થયો તેવો જોવા મળી રહ્યું છે, તે ખરેખર આવે આવા જવાબદાર એચપી ગેસ લાઇન અને નગરપાલિકા તે ખરેખર તપાસનો વિષય બન્યો છે.

# કડાણા તાલુકાના રણકપુર ગામમાં સાઈબર ક્રાઈમ અને નાણાકીય સાક્ષરતા અંગે કાર્યક્રમ યોજાયો



કડાણા,
કડાણા તાલુકાના રણકપુર ગામમાં આર.બી.આઈ, બેંક ઓફ બરોડા અને અરોહ ફાઉન્ડેશન સંયુક્ત ઉપક્રમે ચાલતા સ્કેલપ પ્રોજેક્ટ અંતર્ગત માસ એવરનેસ કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં સી.આર.ગાર્ડી આર્ટસ કોલેજ મુનપુર માંથી N.S.S (એન,એસ,એસ,) કેમ્પ અંતર્ગત રણકપુર ગામમાં આવેલ ભાઈઓ-બહેનોને આ તબક્કે ખાનપુર તાલુકાના એ.એફ.સી. તરીકે કામ કરતા હસમુખ બામણીયા દ્વારા સાઈબર કાઈમ થી સાવધાન રેહવાની માહિતી આપતા જણાવેલ કે સાઈબર માફિયાઓ દ્વારા અલગ અલગ રીતે આપણી જોડે ફ્રોડ કરતા હોય છે. તેથી આપણી વ્યકતિગત માહીતી સોશ્યલ મીડીયા પર શેર ના કરવી, પાસવર્ડ રેન્ડમ રાખવો, જાહેર જગ્યા પર નાણાકીય વ્યવહારમાં વાઈ ફાઈનો ઉપયોગ કરવો નહી, તેમજ અજાણ્યા કોઈપણ વ્યકિત સાથે ઓ.ટી.પી. શેર ના કરવાની માહીતી, આપેલ જયારે કડાણા તાલુકાના એફ.સી. લાલાભાઈ દ્વારા બેંકમાં ચાલતી વિવિધ યોજનાઓ, વીમા કવચ અને ડીજીટલ ટેકનોલોજી વિશે માહિતી આપી વધુમાં વધુ લોકો બેન્કિંગ વ્યવહાર કરે તેમજ બેંકમાં ચાલતી એપ્લિકેશનનો ઉપયોગ કરી ડિજીટલ વ્યવહાર કરવા જણાવવામાં આવેલ જયારે એન.એસ.એસ. કેમ્પના માર્ગદર્શક જે.એલ.ખાંટ દ્વારા પણ યુવાનો વધુમાં વધુ આ માહિતિ માણસો સુધી પોહચાડે તે અંગે માહીતી આપેલ સાથે શાળાના આચાર્ય દ્વારા પણ લોકોને ડીઝીટલ ટેક્નોલોજીનો ઉપયોગ કરવા જણાવેલ સમગ્ર કાર્યક્રમ મહિસાગર જીલ્લાના લીડ ડીસ્ટીકટ મેનેજર બારોટના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ.

# બાલાસિનોર તાલુકામાં ખાખરાના વૃક્ષ પર કેસૂડાંના ફૂલો ખીલી ઉઠયાં

બાલાસિનોર,
બાલાસિનોર ઉનાળા અને ફાગણ મહિનાની શરૂઆત થતાની સાથે જ વનવગડાંમાં મોટા ભાગના વૃક્ષોના પાન ખરી ગયેલા હોય છે. ત્યારે ખાખરાના વૃક્ષ પર કેસૂડાંના ફૂલ ઉગી નીકળે છે. મળતી માહિતી મુજબ કેસૂડાંથી સ્નાન કરવાથી શરીરને ઠંડક સાથે ચામડીના રોગમાં રાહત મળે છે. ત્યારે ફાગણોત્સવ ધૂળેટીમાં મંદિરોમાં કેસૂડાંના ફૂલોથી રંગોત્સવ રમવાનો મહિમા પણ અનેરો છે. બાલાસિનોર તરફના ઝાડી વિસ્તારમાં ખાખરાના વૃક્ષ પર કેસૂડાંના ફૂલો ખીલી ઉઠતા સુંદર લાગી રહ્યું છે. આ સમયે આ ઝાડની ડાળીઓ પર નારંગી અને લાલ રંગનાં ફૂલો એવી રીતે ખીલે છે કે દૂરથી જોતાં લાગે કે જાણે આગની જવાળાઓ ઝાડને ઘેરી રહી છે. આ દશ્ય ધરતીને એક નવું સૌંદર્ય આપે છે. ખાસ કરીને સવારના સમયે, જયારે



સૂર્યનાં કિરણો આ ફૂલો પર પડે છે, ત્યારે તેનું તેજ બમણું થઈ જાય છે. કેટલાક લોકો માને છે કે કેસુડાની છાયામાં બેસવાથી મનને શાંતિ મળે છે અને નકારાત્મક ઉર્જા દૂર થાય છે. આ રીતે, કેસુડો એક કુદરતી ઔષધિ તરીકે બાલાસિનોરના લોકો માટે વરદાનરૂપ છે, તેમની નાજુક છતાં તેજસ્વી હાજરી પ્રકૃતિની સર્જનશીલતાનું એક અદ્ભુત ઉદાહરણ છે. જે દરેકને પોતાની તરફ આકર્ષિત કરે છે.

# મહિસાગર જિલ્લાની ત્રણેય નગરપાલિકાના પ્રમુખ જાહેરઃ લુણાવાડામાં ડો.કીર્તિ પટેલ, બાલાસિનોરમાં ગાયત્રીબેન ત્રિવેદી અને સંતરામપુરમાં નિશાબેન મોદીની વરણી

મહીસાગર
ગત ૧૬ ફેબ્રુઆરીએ યોજાયેલ નગર પાલિકાની ચૂંટણીમાં મહીસાગર જિલ્લાની ત્રણ નગરપાલિકાઓમાં ભાજપે સ્પષ્ટ બહુમતી સાથે વિજય મેળવ્યો હતો. આજે આ ત્રણેય નગરપાલિકાઓમાં નવા પ્રમુખોની વરણી કરવામાં આવી છે. લુણાવાડા નગરપાલિકામાં ડો. કીર્તિકુમાર રમણલાલ પટેલને પ્રમુખ બનાવવામાં આવ્યા છે. તેમની સાથે દિનેશભાઈ લક્ષ્મણભાઈ ડામોર ઉપપ્રમુખ અને સમીરભાઈ રસિકપ્રસાદ મહેતા



કારોબારી ચેરમેન તરીકે નિયુક્ત થયા છે.

બાલાસિનોર નગરપાલિકામાં ગાયત્રીબેન જયકુમાર ત્રિવેદી પ્રમુખ બન્યા છે. હિતેશભાઈ ભગુભાઈ ભરવાડ ઉપપ્રમુખ અને પરસોતમદાસ સવાભાઈ કટારીયા કારોબારી ચેરમેન તરીકે ચૂંટાયા છે. સંતરામપુર નગરપાલિકામાં નિશાબેન રસિકલાલ મોદીને પ્રમુખ બનાવવામાં આવ્યા છે. જીતેન્દ્રસિંહ લક્ષ્મણસિંહ ઝાલા ઉપપ્રમુખ અને સ્નેહલકુમાર નરેન્દ્રકુમાર મહેતા કારોબારી ચેરમેન તરીકે નિમાયા છે.

નવનિયુક્ત પ્રમુખોનું ભાજપના નેતાઓ અને કાર્યકરો દ્વારા ફૂલહાર પહેરાવી અને મીઠાઈ ખવડાવીને સ્વાગત કરવામાં આવ્યું. આ પ્રસંગે ઢોલ-નગારા અને ફટાકડાની આતશબાજી સાથે ઉજવણી કરવામાં આવી. નવા પ્રમુખોએ પોતાના વિસ્તારમાં વિકાસ કાર્યો કરવાની ખાતરી આપી છે.

# બોડેલી-ડભોઈ રોડ પર ચારોલા ગામ સ્ટેન્ડ ઉપર એસ.ટી.બસ ઉભી નહિ રાખતા શાળાએ જતાં વિદ્યાર્થીઓને હાલાકી

બોડેલી,
બોડેલી-ડભોઈ રોડ પર ચારોલા ગામના સ્ટેન્ડ ઉપર વિદ્યાર્થીઓ માટે એસ.ટી.બસ ઉભી નહિ રહેતા વિદ્યાર્થીઓ શાળાએ સમયસર નહિ પહોંચતા અભ્યાસ પર માઠી અસર પડે છે. રોજ આ તકલીફ પડતી હોવાથી વિદ્યાર્થીઓ હેરાન થઈ ગયા છે.

બોડેલી તાલુકાના ચારોલા ગામે ધો.-૧ થી ધો.-૫ની પ્રાથમિક શાળા આવેલી છે. અને ધો.-૬ થી ધો.-૮ ચારોલા ગામની ગ્રુપ શાળા પાટણા ગામે આવેલ હોવાથી વિદ્યાર્થીઓ ચારોલાથી ૫ કિ.મી.ના અંતર ઉપર આવેલા પાટણા ગામે જવુ પડે છે. પહેલા સરકાર દ્વારા વાહનની વ્યવસ્થા કરી હતી. પરંતુ સરકારના નિયમોમાં ફેરફાર થતાં આ વાહન વ્યવસ્થા બંધ કરતા ચારોલા ગામેથી પાટણા અભ્યાસ માટે જતા ધો.-૮ થી ધો.-૧૦ના વિદ્યાર્થીઓમાં મુશ્કેલી ઉભી થઈ છે. હાલ વિદ્યાર્થીઓ એસ.ટી.બસનો પાસ બનાવી ચારોલાથી પાટણા વચ્ચે અવર જવર કરે છે. પરંતુ તેમાં પણ બંને ગામોને સ્ટેન્ડ પર ઘણીવાર એસ.ટી.બસ સ્ટેન્ડ ઉપર ઉભી રહેતી નથી. જેથી વિદ્યાર્થીઓ અવર જવરમાં મુશ્કેલી ભોગવી રહ્યા છે. તેઓ શાળાએ સમયસર ન પહોંચતા તેમના અભ્યાસ પર પણ અસર પડે છે. જેથી વિદ્યાર્થીઓ ફરી સરકાર વાહન વ્યવસ્થા ચાલુ કરી તેવી માંગ કરી રહ્યા છે.

# કાલોલ ડો.બાબા આંબેડકર યુનિવર્સિટીના સેન્ટરમાં બી.એ.ના વિદ્યાર્થીનીને પુસ્તકો અને ફી ની પહોંચ આપવામાં ગલ્લા તલ્લા

તરખંડા,
ડો.બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કામલોલ સેન્ટરમાં તરખંડા ગામની એક વિદ્યાર્થીનીને બી.એ.ના પુસ્તકો અને ભરેલી ફી ની પહોંચ માટે વારંવાર ધરમધકકા ખવડાવતા તેના પિતા આ અંગે આર.ટી.આઈ.થી માહિતી માંગી હતી. જે માહિતી માંગ્યાને એક માસનો સમય વિતી ગયા પછી પણ માહિતી આપવામાં ગલ્લા તલ્લા કરાઈ રહ્યા છે.

ડો.બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કાલોલ સેન્ટરમાં હાલોલ તાલુકાના તરખંડા ગામની એક વિદ્યાર્થીનીએ બી.એ.માં અ ભ્યાસ માટે એડમીશન લીધુ હતુ. તેને તા.૦૨/૦૮/૨૦૨૪ના રોજ રૂબરૂમાં રૂ.૫૦૦ રજીસ્ટ્રેશન ફી તથા તા.૨૧/૦૮/૨૦૨૪ના રોજ રૂ.૧૬૦૦ કોલેજની ફી ભરી હતી. જે ફીની પહોંચ તથા બી.એના પુસ્તકો માટે છેલ્લા છ મહિનાથી અનેકવાર સેન્ટરના ધકકા ખાવા છતાં ફીની રિસીપ્ટ કે પુસ્તકો આપવામાં આવ્યા નથી. જેથી વિદ્યાર્થીનીના પિતાએ ગત તા.૨૮ જાન્યુઆરીએ કાલોલ સેન્ટરની કચેરીમાં રૂબરૂ ફી લેવા બાબતે નિભાવવામાં આવતા રેકર્ડ અને તા.૦૨/૦૮/૨૦૨૪ થી તા.૨૭/૦૧/૨૦૨૫ સુધીના કચેરીના સીસીટીવી કેમેરાની ફુટેજની સીડી માહિતી અધિકારી અધિનિયમ હેઠળ માંગી હતી. જે માહિતી માંગ્યાને પણ એક માસનો સમય વિતી ગયો છતાં પણ હજુ સુધી સેન્ટરના સંચાલક દ્વારા કોઈ જવાબ આપવામાં આવ્યો નથી.

## ઈફતાર મે જલ્દી કરો

સહલ બિન સઅદ રદીયલ્લહો અન્હો સે રિવાયત હૈ કે નબીએ કરીમ સલ્લલ્લાહો અલય હે વસલ્લમને ફરમાયા (લાગે યાનિ મૌ મેનિન મુસલમાન) અચ્છી હાલત મે રહેગે જબ તક ઈફતાર મે જલ્દી કરેગે (બુખારી શરીફ)

હદીષ શરીફ – અનસ રદીયલ્લાહો અન્હો બયાન કરતે હૈ કી નબીબે કરીમ સલ્લલ્લાહો અલય હે વસલ્લમ ચંદ તાઝા ખજુરો સે મગરીબ કી નમાઝ સે પહેલે ઈફતાર ફરમાતે અગર તાઝા ખજુર ન હોતી તો સુખી ખજુર સે ઈફતાર ફરમાતે ઔર અગર સુખી ખજુર ન હોતી તો ચંદ ઘુટ પાની પી લે તે (ર્તિમીનઝીવ અબુદાઉદ શરીફ)

તા. ૦૬/૦૩/૨૦૨૫ ગુરૂવાર
વકે શહેર – ૫.૩૩
વકતે ઈફતાર – ૬.૪૫

**રીપોર્ટર : મોહંમદ હુસેન મકરાણી દે.બારીઆ**

# બાલાસિનોર નગર પાલિકામાં પ્રમુખ પદે ગાયત્રીબેન ત્રિવેદીએ ચાર્જ સંભાળ્યો

બાલાસિનોર,
બાલાસિનોર નગર પાલિકાના ૭ વોર્ડ પૈકી ૨૮ સભ્યોમાં ભાજપના ૧૬ સભ્યોની જીત થતા ભાજપની સ્પષ્ટ બહુમતી બાદ પ્રમુખ પદ માટે સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં નગર પાલિકામાં પ્રમુખ પદ માટે સામાન્ય મહિલા સીટ છે, જયારે ૫ માર્ચ ૨૦૨૫ના રોજ નાયબ કલેક્ટર મિતેષ વસાવાના અધ્યક્ષ સ્થાને પ્રમુખ પદ માટેની ચૂંટણી યોજાઈ હતી. જેમાં ભાજપ અને કોંગ્રેસની બે મહિલાએ પ્રમુખ પદ માટે દાવેદારી નોંધાવી હતી. જેમાં ભાજપના ગાયત્રીબેન ત્રિવેદી પ્રમુખ બન્યા હતા.



પ્રાપ્ત વિગતો અનુસાર બાલાસીનોર નગર પાલિકામાં આવેલા ૨૮ વોર્ડ પૈકી ૧૬ બેઠકો પર ભાજપના ઉમેદવારો જીત્યા હતા. ત્યારે ૯ બેઠકો પર કોંગ્રેસ અને ૨ બેઠકો પર એનસીપી સહીત ૧ બેઠક પર બહુજન સમાજ વાદી પાર્ટીના ઉમેદવારોની જીત નકી થઈ હતી. જેમાં ભાજપ પક્ષે વોર્ડ નંબર-જમાં બિનહરીફ થયેલા ગાયત્રીબેન જયકુમાર ત્રિવેદીને મેન્ડેડ આપવામાં આવ્યું હતું. જયારે કોંગ્રેસ પાર્ટી દવારા સૈયદ બિલ્કીશબાનું ઈદાયતને મેન્ડેડ આપી પ્રમુખ પદના દાવેદાર માટે મેદાને ઉતાર્યા હતા. જેમાં ગાયત્રીબેન ત્રિવેદીને ભાજપના ૧૬ મત સહીત ૨ એનસીપી અને ૧ બીએસપીના મત મળતા ૧૯ મતે વિજેતા જાહેર થયા હતા. જયારે સૈયદ બિલ્કીશબાનુંને ૯ મત મળતા પરાજય થયા હતા.

ત્યારે બાલાસિનોર નગર પાલિકામાં ઉપપ્રમુખ પદે હિતેશ ભગુભાઈ ભરવાડની વરણી કરવામાં આવી હતી. જયારે કારોબારી ચેરમેન તરીકે પરષોત્તમભાઈ સવાભાઈ કટારીયા અને શાશક પક્ષના નેતા તરીકે મીનાક્ષીબેન મહેરા અને દંડક વિરેન્દ્રસિંહ ચૌહાણની વરણી થઇ હતી. જયારે વિરોધ પક્ષના નેતા તરીકે ઈરફાનભાઈ પઠાણની કોંગ્રેસ પક્ષ દવારા વરણી કરાઈ હતી.

બાલાસિનોર નગર પાલિકામાં પ્રમુખ પદે ગાયત્રીબેન ત્રિવેદીએ ચાર્જ સંભાળ્યો, ઉપપ્રમુખ હિતેશ ભરવાડ અને કારોબારી ચેરમેન તારીખે પરષોત્તમ કટારીયાની વરણી કરાઈ.

મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ શહેરાની કોર્ટમાં મુ.શહેરા, તા.શહેરા.

**અરજદારઃ- બારીયા કાળુભાઈ નાનાભાઈ,
રહે.ગમન બારીયાના મુવાડા, તા.શહેરા, જી.પંચમહાલ.
વિરૂદ્ધ
સામાવાળાઃ- તલાટી કમ મંત્રીશ્રી, ગમન બારીયાના મુવાડા,
તા.શહેરા, જિ.પંચમહાલ.**

આથી જાહેર જનતાને આ નોટીસ દ્વારા જણાવવાનું કે, ઉપરોકત અરજદારશ્રીના બહેન નામે બારીઆ ગલીબેન નાનાભાઈનો તા.૨૧/૧૦/૧૯૬૯ ના રોજ મોજે.ગમન બારીયાના મુવાડા, તા.શહેરા, જિ.પંચમહાલ મુકામે જન્મ થયેલ. જે બાબતની નોંધ જે તે વખતે અરજદારની ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઈ અરજદારે બહેનના જન્મની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા અપીલ નં.૨૮/૨૦૨૫ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે જન્મની નોંધણી સામે કોઈનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં લેખીત વાંધા રજુ કરવો. જો મુદત સમયમાં કોઈ વાંધો કે તકરાર નહી આવે તો અત્રેની કોર્ટ દવારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો.આજ તા. ૦૪ માહેઃ- માર્ચ, સને ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુંકમથી
મામલતદાર
અને
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ શહેરા

મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ શહેરાની કોર્ટમાં મુ.શહેરા, તા.શહેરા.

**અરજદારઃ- બારીઆ અશોકકુમાર નાગરભાઈ,રહે.માતરીયા વ્યાસ,
તા.શહેરા, જી.પંચમહાલ.
વિરૂદ્ધ
સામાવાળાઃ- તલાટી કમ મંત્રીશ્રી, માતરીયા વ્યાસ,
તા. શહેરા, જિ.પંચમહાલ.**

આથી જાહેર જનતાને આ નોટીસ દ્વારા જણાવવાનું કે, ઉપરોકત અરજદારશ્રીના પુત્રી નામે બારીઆ રોશનીબેન અશોકકુમારનો તા.૨૫/૦૩/૨૦૦૯ ના રોજ મોજે. માતરીયા વ્યાસ, તા.શહેરા, જિ.પંચમહાલ મુકામે જન્મ થયેલ. જે બાબતની નોંધ જે તે વખતે અરજદારની ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઈ અરજદારે પુત્રીના જન્મની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા અપીલ નં.૭૭/૨૦૨૫ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે જન્મની નોંધણી સામે કોઈનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં લેખીત વાંધા રજુ કરવો. જો મુદત સમયમાં કોઈ વાંધો કે તકરાર નહી આવે તો અત્રેની કોર્ટ દવારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો.આજ તા. ૦૪ માહેઃ- માર્ચ, સને ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુંકમથી
મામલતદાર
અને
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ શહેરા

## આપની આજ.......

મેષઃ આજનો દિવસ તમારા માટે સુખદ રહેશે કેમ કે આજે તમે વિચારેલા કાર્ય પૂર્ણ થઈ શકે છે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિની સંભાવના રહેલી છે. ગ્રહોમાં ફેરફારના કારણે સ્વભાવમાં થોડું ચિડિયાપણું આવી શકે છે.

વૃષભઃ આજનો દિવસ તમારા માટે થોડો વ્યસ્ત રહેશે. પરંતુ સારા પરિણામ મળવાથી થાકનો અનુભવ નહીં થાય. સંતાન સુખમાં વૃદ્ધિ થશે અને ક્યાંકથી વસ્ત્રાદીની ભેટ મળશે.

મિથુનઃ આજનો તમારો દિવસ મિશ્ર ફળદાયક છે. પ્રત્યેક મામલામાં મિશ્ર પરિણામો મળશે. ધર્મ-કર્મ પ્રત્યે આસ્થા વધશે. સંપત્તિના સુધાર તથા સારસંભાળમાં ખર્ચ વધશે.

કર્કઃ આજે ગ્રહોની દશા તમારા દિવસને અનુકૂળ બનાવી રહી છે. સુખ-સંપત્તિમાં વિસ્તાર થશે. પરિવારમાં સુખ-શાંતિનું વાતાવરણ રહેશે. કોઈ વડીલ તરફથી આશિર્વાદમાં ધનની પ્રાપ્તિ થઈ શકે છે.

સિંહઃ આજ કાયર્ક્ષેત્રમાં વધારાની જવાબદારી અને ધાર્મિક કાયોર્માં વ્યસ્તતા વધશે. સંપત્તિનો વિસ્તાર થશે અને આવકમાં વૃદ્ધિ થશે. ક્રોધથી બચો, ક્યાંક જીવનસાથી સાથે વૈચારિક મતભેદો ઊભા ન થાય.

કન્યાઃ આજનો દિવસ તમારા કાયર્ક્ષેત્રમાં મુશ્કેલી ભરેલો હોઈ શકે છે. કોઈ ગેરસમજના કારણે ઓફિસમાં સહયોગીઓ સાથે વિવાદ થઈ શકે છે. કાયર્ક્ષેત્રમાં મુશ્કેલી અને મહેનત વધારે રહેશે.

તુલાઃ ગ્રહોની સ્થિતિથી ખ્યાલ આવી રહ્યો છે કે આજનો દિવસ કાયર્ક્ષેત્રમાં ઘણો વ્યસ્તતા ભરેલો રહેશે. આવકમાં વૃદ્ધી થશે. બૌદ્ધિક કાર્યો તથા લેખન વગેરેથી પણ આવક થશે.

વૃશ્ચિકઃ આજનો દિવસ તમારા માટે ઘણો કઠીન રહેશે. પ્રત્યેક કામમાં પડકારો અને અડચણો આવી શકે છે. અકસ્માતે બિનજરૂરી ખર્ચ વધી શકે છે. જો તમે નોકરીમાં છો તો અધિકારીઓનો સહયોગ મળશે.

ધનઃ આજે ગ્રહો જણાવી રહ્યા છે કે આજે તમારા ઘરમાં કોઈ શુભ કાયર્નાં આયોજનથી મનમાં પ્રસન્નતા અને વ્યસ્તતા રહેશે. ખાસ મિત્રોના સહયોગથી વ્યવસાયના નવા સ્ત્રોત બનશે.

મકરઃ આજે તમારા ભાગ્યનો ઉદય, ધન, ક્રમ, કીર્તિની વૃદ્ધિ, શત્રુ ચિંતાઓનું દમન થશે. સવર્ત્ર વિજય, સફળતાની પ્રાપ્તિ, હર્ષ મંગળમય પરિવર્તન અને મનોરથ સિદ્ધ થવાથી પ્રસન્નતા રહેશે.

કુંભઃ આજનો દિવસ તમારા માટે દૈવી કૃપાવાળો બની શકે છે. માતાનું સાનિધ્ય અને આશિર્વાદ ખાસ રીતે ફળદાયી રહેશે. ઘણા સમયથી રોકાયેલું ધન કોઈ મહાપુરૂષના સહયોગથી પ્રાપ્ત થઈ જશે.

મીનઃ આજનો દિવસ શુભ રહેશે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિનો યોગ બની શકે છે. સંતાન તરફથી સુખદ સમાચાર મળશે. રહેણી-કરણી અને ખાન-પાનનું સ્તર વધશે. નવા સુંદર વસ્ત્રો પ્રત્યેત તમારું ખેંચાણ વધશે. શક્ય છે કે શોપિંગ માટે પણ જઈ શકો છો.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદ જીલ્લાની ઝાલોદ અને દે.બારીયા પાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખોની વરણી કરાઈ



દાહોદ,

દાહોદ જીલ્લાની દેવગઢ બારીઆ અને ઝાલોદ નગરપાલિકાની ચુંટણી સંમ્પન્ન થતાં પ્રમુખ અને ઉપપ્રમુખ પદોની ભારે વહેતી થયેલી અટકળોનો અંત આવ્યો છે. આ બંન્ને નગરપાલિકામાં ભાજપે ભગવો લહેરાવ્યો છે અને બંન્ને નગરપાલિકામાં ભાજપાના વિજેતા ઉમેદવારોને પ્રમુખ, ઉપપ્રમુખનો તાજ પહેરાવવામાં આવ્યો છે. દેવગઢ બારીઆ નગરપાલિકા પ્રમુખ તરીકે ધર્મેશભાઈ કલાલ અને ઝાલોદ નગરપાલિકા પ્રમુખ તરીકે રેખાબેન વસૈયાની સર્વાનુમતે પસંદગી કરવામાં આવતાં ભાજપાના આગેવાનો અને કાર્યકર્તાઓમાં ખુશીનો માહૌલ જોવા મળ્યો હતો.છેલ્લા ઘણા દિવસોથી દેવગઢ બારીઆ અને ઝાલોદ નગરપાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખ પદ માટે તમામ વિજેતા ઉમેદવારો દ્વારા પોત પોતાની દાવેદારીઓ કરવામાં આવતી હતી. ઘણા વિજેતા ઉમેદવારોએ તો પોતાના માનીતા ગોડ ફાધરોના શરણે પણ પહોંચી જઈ લાગવગોનો દૌર આરંભ કર્યો હતો. આ બંન્ને નગરપાલિકાઓમાં પ્રમુખ પદ મેળવવા માટે તમામ ઉમેદવારોએ એડી ચોટીનું જોર લગાવી દીધું હતું. કહેવાઈ છે કે, આ બંન્ને નગરપાલિકા મલાઈદાર નગરપાલિકા હોવાને કારણે તમામ વિજેતા ઉમેદવારો પ્રમુખ પદ મેળવવા માટે તલપાપડ થતાં હતાં. ઘણા દિવસો પ્રમુખ પદના ચહેરાઓ માટે અનેક અટકળો વહેતી થવા પામી છે ત્યારે ભાજપા દ્વારા પોતાની જુની સ્ટાઈલમાં સૌને ચોંકાવી મુકે તેવા આ બંન્ને નગરપાલિકાઓમાં પ્રમુખ પદ માટેના દાવેદારોની ઘોષણા કરતાં સૌ કોઈ ભાજપાના આ માસ્ટર સ્કોટથી આશ્ચર્યચકિત થઈ ગયાં હતાં. કારણ કે, ઘણા વિજેતા ઉમેદવારો દ્વારા તો પ્રમુખ પદની ખુરશી મેળવવા માટે શામ, દામ, દંડની નિતી રિતી પણ અપનાવી ચુક્યાં હતાં પરંતુ પ્રદેશ ભાજપાએ તેમની આ તમામ નિતીઓ પર જાણે પાણી ફેરવી દીધું હોય તેવા નિર્ણયને સૌ કોઈને ચોંકાવી દીધાં હતાં. દેવગઢ બારીઆ નગરપાલિકાના પ્રમુખ પદ પર ધર્મેશભાઈ કલાલને પ્રમુખ પદનો તાજ પહેરાવવામાં આવ્યો છે. જ્યારે ઉપપ્રમુખ પદ પર તારાબેન બાલવાણીની બિન હરીફ વરણી કરવામાં આવી છે. દેવગઢ બારીઆના સભાખંડમાં આજરોજ પ્રમુખ, ઉપપ્રમુખની પસંદગી પ્રક્રિયામાં મામલતાદર અને ચીફ ઓફિસરની ઉપસ્થિતીમાં આ સંપુર્ણ પ્રક્રિયા પાર પાડવામાં આવી હતી. દેવગઢ બારીઆ નગરપાલિકામાં ભાજપાના તમામ ૧૩ સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં. જ્યારે કોંગ્રેસના ૦૩ અને અપક્ષના ૦૮ સભ્યો પણ ઉપસ્થિત રહ્યાં હતાં. તેવીજ રીતે ઝાલોદ નગરપાલિકામાં પ્રમુખ પદ માટે રેખાબેન ટપુભાઈ વસૈયાની પસંદગી કરવામાં આવી છે. ઉપપ્રમુખ પદ માટે ભાવનાબેન મુકેશભાઈ ડામોરની પસંદગી અને કારોબારીમાં દિનેશભાઈ શંકરલાલ પંચાલની પસંદગી કરવામાં આવી છે. ઝાલોદ નગરપાલિકામાં દાહોદ જીલ્લા ભાજપાના પ્રમુખ શંકરભાઈ અમલીયાર તથા જીલ્લા ભાજપાના ઉપપ્રમુખ નરેન્દ્ર સોની સહિત જીલ્લાના ભાજપાના આગેવાનોની ઉપસ્થિતીમાં આ સમગ્ર પ્રક્રિયા પાર પાડવામાં આવી હતી. પ્રમુખ પદ પર બિરાજમાન ઉમેદવારો પ્રત્યે હવે આ બંન્ને નગરપાલિકાઓના નગરજનોને વિકાસના કામોને લઈ આશા વ્યક્ત કરી રહ્યાં છે. ખાસ કરીને ઝાલોદ નગર છેલ્લા ઘણા વર્ષો વિકાસના કામોથી વંચિત રહેતું આવ્યું છે. ત્યારે ઝાલોદ નગરપાલિકામાં હવે પાલિકામાં નવા પ્રમુખની પસંદગી બાદ ઝાલોજ નગરમાં પણ વિકાસના કામો થશે તેવી આશા ઝાલોદ નગરના પ્રજાજનોમાં આશા છે. બીજી તરફ પસંદગી પામેલ પ્રમુખ અને ઉપપ્રમુખના કાર્યકર્તાઓમાં ભારે આનંદની લાગણી વચ્ચે એકબીજાનું મોં મીઠું કરાવી શુભેચ્છાઓ પણ પાઠવી હતી.

## દે.બારીયા પાલિકાના પ્રમુખ તથા ઉપપ્રમુખની બિનહરીફ વરણી થતા જનતામાં ખુશી



દે.બારીયા,

દે.બારીયા નગર પાલિકામાં પ્રમુખ તથા ઉપપ્રમુખ તા.૦૫/૦૩/૨૦૨૫ના બુધવારના રોજ પાલિકા ખાતાની વરણીમાં પ્રમુખ ધર્મેશકુમાર કલાલ લાલભાઈ તથા ઉપપ્રમુખ તરીકે મહેશભાઈ બાલવાણીના ધર્મપત્નીને બિનહરીફ તરીકે ઘોષીત કરતા આમ જનતામાં ખુશીનો માહોલ છવાયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીયા નગર પાલિકામાં આજ બુધવારના રોજ પ્રમુખ તથા ઉપપ્રમુખની વરણી કરવા માટે ચુંટણી અધિકારીના અધ્યક્ષ સ્થાને સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રમુખ તરીકે ધર્મેશભાઈ કલાલ તથા ઉપપ્રમુખ તરીકે મેડમ બાલવાણીની જાહેરાત થતા ૧૫ દિવસનું સસ્પેન્સ ખતમ થવા પામ્યું છે. ભાજપનું એકજુથ જે ૮ અપક્ષોને ભુર્ગભમાં લઈ ગયા તેઓનું સુરસુરયું નિકળી ગયું છે અને મોટી મૂછ નીચી પડી જવા પામી છે. તેવું ટોક ઓફ ધ ટાઉન બનવા પામ્યુ છે. શહેરનો વિકાસ થાય તેના માટે જે અધુરા વિકાસના કાર્યો તુટેલા રોડ તથા દુષિત પાણી હાલમાં આવે છે તે દુષિત પાણીના માટે યુધ્ધના ધોરણે કાર્ય હાથ ધરવામાં આવે તેવી આમ જનતાની માંગ ઉઠવા પામી છે. દે.બારીયા શહેરને ફરી પંચમહાલનું પેરીસ તરીકે વિકસાવવા માટે પગલાં ભરવામાં આવે તેની તાતી જરૂર પણ છે અને શહેરીજનો ઈચ્છી રહ્યા છે.

## ધાનપુર તાલુકામાં સોશ્યલ મીડીયામાં પોલીસ વિરૂદ્ધ અશ્લીલ લખાણ વાયરલ કરતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જીલ્લાના ધાનપુર તાલુકામાં ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે જેમાં સોશીયલ મીડીયાના ફેસબુક માધ્યમમાં એક ઈસમે પોલીસની બદનામી થાય તેમજ પોલીસ વિરૂધ્ધ અશ્ચીલ લખાણ લખી ફેસબુકની ફેસબુકની સ્ટોરી પેજ ઉપર વાઈરલ કરતાં આ મામલે પોલીસ સમક્ષ આવતાં પોલીસે ફેસબુક આઈડીના ધારક વિરૂધ્ધ ગુનો નોંધી ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

ગત તા.૦૪ માર્ચના રોજ ધાનપુર તાલુકામાંથી કોઈપણ સ્થળેથી મનોજકુમાર બારીઆ નામના ઈસમે પોતાના ફેસબુક આઈડીમાં સ્ટોરી પેજ પર દાહોદ પોલીસની જાહેર બદનામી થાય તથા પોલીસ પ્રત્યે લોકોનું વલણ તથા માનસીક્તા ડોહળાઈ તેવા પોલીસ વિરૂધ્ધ અશ્લિલ તથા બિભત્સ લખાણ લખી પોતાની ફેસબુક સ્ટોરી પેજ ઉપર વાયરલ કરવામાં આવ્યું હતું. આ સ્ટોરી પેજ વાઈરલ થતાંની સાથે સમગ્ર ધાનપુર તાલુકામાં સ્તબ્ધતા સાથે ચકચાર મચી જચી જવા પામી હતી. આ મામલે પોલીસ સમક્ષ જાહેર થતાં પોલીસ પણ સતર્ક બની હતી અને આ સંબંધે ધાનપુર પોલીસે મનોજકુમાર બારીઆ નામના ફેસબુક આઈડી ધારક વિરૂદધ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી તેના તાત્કાલિક ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

## દે.બારીઆના મોટીઝરી ગામે પ્રા.શાળાના પ્રવેશદ્વારે ખોદાયેલા ખાડા બાળકો માટે જોખમી

દે.બારીઆ,

દે.બારીઆ તાલુકાના મોટીઝરી ગામની પ્રા.શાળામાં નવા ઓરડાની કામગીરી બાદ મુખ્ય ગેટ માટે ખોદાયેલા ખાડા વિદ્યાર્થીઓ માટે જોખમી બની રહ્યા છે. જેથી વૈકલ્પિક રસ્તો કરી આપવા ગ્રામજનોએ માંગ કરી છે. મોટીઝરી ગામની પ્રાથમિક શાળામાં ઓરડાની કામગીરી પુર્ણ થવાને આરે છે. શાળાનો મુખ્ય ગેટ ગ્રામજનો અને વાલીઓ દ્વારા લોકફાળવણીથી બનાવેલ હતો. જે ઓરડાની કામગીરી વખતે કોન્ટ્રાકટર દ્વારા તોડી નાંખી ઓરડાનુ બાંધકામ પુરૂ થયા પછી નવો ગેટ બનાવી આપવા ખાતરી આપી હતી. હાલમાં ઓરડાની કામગીરી પુરી થતાં મુખ્ય ગેટની કામગીરી શરૂ કરેલ છે. જે માટે પાયાનુ ખોદકામ કરાયુ છે. જેથી શાળામાં આવતા વિદ્યાર્થીઓને આ ખાડાની નજીકથી અવર જવર કરવુ પડતુ હોય છે તેમના માટે જોખમી બન્યુ છે. જેને લઈને અલાયદો રસ્તો કરી આપવા માંગ કરાઈ છે.

# દાહોદ જીલ્લાના પ્રજાજનોને પડતી રસ્તા-પાણી અને સ્વચ્છતા જેવા પ્રશ્નો અંગે કોંગ્રેસ સમિતિ દ્વારા રજુઆત કરાઈ

દાહોદ,

દાહોદ જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા દાહોદ જીલ્લામાં પ્રજાજનોને પડતી વિવિધ મુશ્કેલીઓ જેવી રસ્તાઓ, પાણી, સ્વચ્છતા વિગેરે જેવા અનેક કામોની ગ્રામજનો સાથે ચર્ચા વિચારણા કરી આ મામલે સંબંધિ વિભાગાનો લેખિત રજુઆતો કરી આ તમામ સમસ્યાઓનું તાત્કાલિક નિરાકરણ લાવવા માટે રજુઆત કરવાની સાથે સાથે જો રજુઆતોને ધ્યાનમાં લેવામાં નહીં આવે તો આવનાર દિવસોમાં ગાંધી ચિન્ધ્યા માર્ગે જવાની ચીમકી પણ દાહોદ જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ઉચ્ચારવામાં આવી છે.

દાહોદ જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા દરેક તાલુકા સીટ પર જઈ ગ્રામજનો સાથે ચર્ચા વિચારણા સહિત મીટીંગો કરવામાં આવી હતી. જેમાં ગ્રામજનોના પડતી મુશ્કેલીઓ અને તેઓના પડતર પ્રશ્નો મામલે સ્થળ પર વિચાર વિમર્સ કર્યા બાદ દાહોદ જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા તાલુકા પંચાયત, માર્ગ અને મકાન વિભાગ, ટ્રાયબલ, પાણી પુરવઠા વિભાગ, વિદ્યુત વિભાગ વિગેરે જેવી સમસ્યાઓને લઈ આ સંબંધિત તંત્રને લેખિત રજુઆત કરવામાં આવી છે. ખાસ કરીને ગ્રામજનોને રસ્તાઓની સુવિધાઓના અભાવે અવર જવરમાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. તે ઉપરાંત ઘણા ગ્રામજનોના ઘરોમાં મીટરો પણ ન હોવાને કારણે તેઓને અંધારમાં રહેવાનો વારો પણ આવી રહ્યો છે. વધુમાં દાહોદ જીલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ હર્ષદ નિનામાના જણાવ્યાં અનુસાર, દાહોદ જીલ્લામાં નળ સે જળ યોજનામાં મોટા પાયે ભ્રષ્ટાચાર થયો છે જે મામલે પણ સંબંધિત તંત્રને લેખિતમાં રજુઆત કરવામાં આવી છે. ત્યારે આ તમામ સમસ્યાઓનું નિરાકરણ સંબંધિત વિભાગ દ્વારા કરવામાં નહીં આવે તો આગામી ૧૦ દિવસ બાદ દાહોદ જીલ્લા કોંગ્રેસ સમિતિને ગાંધી ચિન્ધ્યા માર્ગે જવાની ફરજ પડશે, તેમ દાહોદ જીલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ હર્ષદ નિનામા દ્વારા જણાવ્યું છે.

# ઝાલોદ તાલુકાની લીમડી પોલીસની પ્રસંશનીય કામગીરી : આંતર રાજ્ય ગેંગના ત્રણ વ્યક્તિઓને ઝડપી પાડયા

ઝાલોદ,

ઝાલોદ ઝોનના ડી.વાય.એસ.પી. ડી.આર.પટેલ દ્વારા આગામી તહેવારોને નજર રાખી દરેક વિસ્તારોમાં પેટ્રોલીંગ કરવા તેમજ ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતા ગુનેગારનેને ઝડપી પાડવા આદેશ આપેલ હતા. તે અન્વયે લીમડી પોલીસ મથકના પી.આઈ કે.કે.રાજપુત અને પી.એસ.આઈ એ.કે.કુવાડીયા તેમના પોલીસ સ્ટાફ સાથે ઝાલોદ તાલુકાના પાવડી ગામે વાહન ચેકિંગ કરી રહેલ હતા. થોડા દિવસ પહેલાં લીમડી વિસ્તાર માંથી ચોરી થયેલ બાઈક ચોરાઈ હતી, તે બાઈક અજાણ્યા યુવાનો નંબર પ્લેટ કાઢી આવી રહેલ હોવાની પાકી બાતમી મળેલ હતી તે દરમિયાન એક શંકાસ્પદ જણાતી બાઈક આવતા તેને રોકી હતી આ બાઈક પર ત્રણ ઈસમો બેઠેલ હતા. પોલીસ દ્વારા આ ત્રણેય શંકાસ્પદ લાગતા ઈસમોને બાઈક પરથી નીચે ઉતારી તેમને ચેક કર્યા હતા. ત્યારે લીમડી પોલીસને ચેક કરતા ચોંકી ગઈ હતી. આ ઈસમો પાસેથી બે દેશી હાથ બનાવટના તમંચા તેમજ જીવતા કારતૂસ મળી આવ્યા હતા. લીમડી પોલીસ દ્વારા આ ત્રણેય આરોપીને ઝડપી પોલીસ સ્ટેશનમાં લઈ જઈ વધુ પુછતાછ આદરી હતી. પુછતાછ દરમિયાન આ ત્રણેય ઈસમો દ્વારા લીમખેડામા ઘરફોડ ચોરી તેમજ આંતર રાજ્ય પંજાબ અને મધ્યપ્રદેશની વિવિધ ચોરીયો કબૂલી હતી. લીમડી પોલીસને



દેશી ૨ દેશી તમંચા, બાઈકો,૧૦ જીવતા કારતૂસ કબજે લીધેલ હતા આ તમામની અંદાજીત કિંમત ૧,૦૮,૯૦૦ રૂપિયા છે. આ ત્રણેય આરોપીઓની વધુ પૂછપરછ કરતાં તેઓએ પોતાના નામ મોહમ્મદ શાહરૂન મલિક, નાસીર આરીફ સૈયદ, ફરમાન સલીમ અહેમદ શેખ જણાવ્યું હતું. જેઓ દાહોદ મુકામે રહેતા હતા, પરંતુ આ ત્રણેય આરોપીઓ ઉત્તર પ્રદેશ તેમજ મધ્યપ્રદેશના મૂળ રહેવાસી હતા. આ અંગે લીમડી પોલીસ દ્વારા વધુ સઘન પુછપરછ કરતા પંજાબ અને ઉત્તરપ્રદેશની વિવિધ ચોરીઓ કબૂલ કરેલ હતી. પોલીસ દ્વારા આ અંગે વધુ પૂછપરછ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

## વડોદરા શ્રેષ્ઠ વિદ્યાર્થીનો એવોર્ડ પ્રાપ્ત કરતા વંદના વિદ્યાલયના રૂદ્ર કનોજીયા




વડોદરા ખાતે આવેલ વંદના વિદ્યાલયમાં અભ્યાસ કરતા રૂદ્ર મહેશભાઈ કનોજીયાએ વર્ષ ૨૦૨૩-૨૪ અંતર્ગત ધોરણ-પાંચમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓ, રમતગમત ક્ષેત્ર, સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ અને વિદ્યા અભ્યાસમાં પ્રથમ નંબર લાવી શ્રેષ્ઠ પરિણામ મેળવેલ છે. તેઓનું આજે શાળા પરિવાર વતીથી એવોર્ડ- સ્મૃતિ ચિન્હ અર્પણ કરી, તારીખઃ ૪ /૩ /૨૦૨૫ ના રોજ એન્યુઅલ ફંકશનમાં સન્માન કરવામાં આવ્યું. રૂદ્રના માતા-પિતા અને સર્વ સ્નેહીજનોમાં ખુશીઓની લહેર વ્યાપી ગઈ હતી. સર્વ સ્નેહીજનોએ તેઓનું વિદ્યાર્થી જીવન શ્રેષ્ઠ અને ઉજ્વળ બને તેવા શુભ આશિષ પાઠવ્યા હતા.

**મે. ઘોઘંબાના મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ.ઘોઘંબા**

જન્મ મરણ અરજી નં.૫૮૩ તા.૨૮/૦૨/૨૦૨૫

અરજદારઃ-બારીઆ ટીનાભાઈ સભાભાઈ, રહે. ખરોડ, તા.ઘોઘંબા, જિ.પંચમહાલ

વિરૂધ્ધ

સામાવાળાઃ-જન્મ મરણ રજીસ્ટ્રાર, તલાટી કમ મંત્રીશ્રી, ખરોડ, ખરોડ, ગ્રામ પંચાયત, તાઃ-ઘોઘંબા, જિ. પંચમહાલ

-:: હુકમ ::-

આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હિત ધરાવતાં તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,ઉપરોકત વિષયના અરજદારના પુત્ર નામે બારીઆ રીપુલકુમાર ટીનાભાઈનો જન્મ તાઃ૦૨/૦૬/૨૦૧૫ ના રોજ રહે. ખરોડ, તા.ઘોઘંબા, જિ. પંચમહાલ ખાતે થયેલ તેવું અમારી સમક્ષ જાહેર કરી અરજદારે તેમની પુત્ર ના જન્મની નોંધ સામાવાળાના જન્મ રજીસ્ટરે કરાવવા સારૂ અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે.વાસ્તે સદરહું અરજદારની અરજી સામે, જે કોઈ લાગતા વળગતા ઈસમોને વાંધો તકરાર હોય તો તેમણે આ નોટીસં પ્રસિધ્ધ થયેથી દિન-૩૦(ત્રીસ) માં અત્રેની કોર્ટ સમક્ષ પોતાના વાંધા તકરાર રજૂ કરવા. જો મુદતમાં વાંધો તકરાર રજૂ કરવામાં નહી આવે તો આ કોર્ટ સદર અરજી અંગે નિયમોનુંસારની આગળની કાર્યવાહી કરશે જેની નોંધ લેશો.આજ તાઃ-૧૧ મી ફેબ્રુઆરી સને ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
મામલતદાર
અને
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ શહેરા

## પંચમહાલ સમાચારને ૨૮માં વર્ષમાં મંગલ પ્રવેશ થતા હાર્દિક શુભેચ્છાઓ...

કાનસીચા કુંવરસિંહ મન્જીભાઈ, રામપુરાદેવી
કૃષ્ણદિપ યુવક મંડળ, રાઠવા મુવાડા
કામેલાબીબી ન્યાઝ મહંમદ મકરાણી, દે.બારીયા
કોળચા મોહનભાઇ તેરસીંગભાઇ , તોયણી
કોળચા રમેશભાઇ શકરાભાઈ, તોયણી
કોળી પ્રવિણસિંહ ફતેસિંહ, અંતેલા
કોળી સવિતાબેન માવસીંગભાઇ, કાળી ડુંગરી
ધી કેલીચા અર્ધ સે.મંડળી, જંબુસર
ધી નાડાતોડ દુધ.ઉ.સ.મ., બામરોલી,
ચોહાણ રમણભાઇ જસવંતભાઈ, લવારીયા
જય જલારામ સ.હ.ગ્રા.ભ.લી., દે.બારીયા
જય જલારામ સ.હ.ગ્રા.મ.લી., ચેનપુર
ધી કબીરકૃપા ગ્રા.સ.ભ.લી., નવાગામ
ધી કેલીચા અર્ધ સેવા સ.મંડળી, કેલીચા,
ધી કાળીડુંગર દુધ ઉત્પાદક સ.મંડળી, સીંગેડી
ધી ડાંગરીયા વી.મ.કા.સ.મ.લી.,ડાંગરીયા
ધી ડાંગરીયા વી.મ.કા.સ.મ.લી.,દે.બારીયા
ધી નાડાતોડ દુધ ઉ.સ.મં.લી.,નાડાતોડ
ધી પુવાડા દુધ ઉ.સ.મં., દે.બારીયા
ધી રેબારી દુધ.ઉ.સ.મં.લી., રેબારી
ધી વાડોદર દુધ.ઉ.સ.મં.લી.,વાડોદર
ધી સેવનીયા વી.સ.મં., સેવનીયા
ધી સાલીયા દુધ.ઉ.સ.મં.લી.,સાલીયા
ધી ફાગીયા દુધ.ઉ.સ.મં.લી.,ફાગીયા
ધી સાતકુંડા આ.સ.ગ્રા.ભં.,સાતકુંડા
નજમાબેન મહમંદઅલી મકરાણી, ડુખળી
નસીબ મહિલા મંડળ, દે.બારીયા
પટેલ અર્જુનસિંહ મથુરભાઇ, રાણીપુરા

પટેલ આરતસિંહ મંગળસિંહ, ઉધાવાડા
પટેલ કમલેશકુમાર લક્ષ્મણસિંહ, ભથવાડા
પટેલ ગીતાબેન મનસુખભાઇ, રેઠાણ
પટેલીયા અરવિંદભાઇ પુંજાભાઇ, સાગરામા
પટેલીચા રણજીતસિંહ દિલિપસિંહ, અંતેલા
બારીયા સરદારસિંહ ભીખાભાઇ, ટીડકી
બારીયા ગુલાબભાઈ સોમાભાઇ, રામા
બારીયા વી.મ.કુ.લી.મં., દે.બારીયા
રાઠવા મુકતાબેન લક્ષ્મણભાઇ, સાદરા
રામદેવ સખી મંડળી, ગુણા
શકિત સખી મંડળી, પીપલોદ
શ્રી અબ્દુલ રફીક ન્યાઝ મોહમદ મકરાણી, દે.બારીયા
શ્રી અલસીંગ એમ.સીંગોડ, કેળકુવા
શ્રી કેશવભાઇ રામસીંગભાઇ બારીયા, બૈણા
શ્રી ગમીરસિંહ પ્રતાપસિંહ બારીયા, કુવા
શ્રી ઝહિરઅલી માસુમઅલી મકરાણી, મોટી ખજુરી
શ્રી ડામોર હરીસિંહ મથુરભાઇ, દે.બારીયા
શ્રી દિનુભાઇ માવસીંગભાઇ બારીયા, દે.બારીયા
શ્રી પટેલ દિનેશભાઇ મોહનસિંહ, આંકલી
શ્રી પરમાર રાજેશકુમાર બાબુભાઇ, પીપલોદ
શ્રી ફિરદોસ અબ્દુલ રસીદ મન્સુરી, સીમલાઘસી
શ્રી બળવંતભાઇ નવલાભાઇ પટેલ, રુવાબારી
શ્રી મોહનભાઇ દેવસિંગભાઇ બારીયા, દેગાવાડા
શ્રી રશ્મિકાંત નગીનદાસ શાહ, ગુણા
શ્રી શાહ પ્રવિણચંદ્ર કાંતિલાલ, અસાયડી
શ્રી સુધીર લક્ષ્મીચંદ અગ્રવાલ, મોટીજરી
શ્રી સોની ચિરાગ પ્રવિણચંદ્ર, દે.બારીયા
શ્રી હુનેદભાઇ યાકુબભાઇ દલાલ, પંચેલા

શ્રી નાયક રમણભાઇ ગુરૂજીભાઇ, આમલીપાણી છોતરા
શ્રી નાયક શંકરભાઇ રાયસીંગ, પાંચીચાશાળ
શ્રી પટેલ અર્જુનભાઈ પ્રતાપભાઇ, ગામડી
શ્રી પટેલ કેશવસિંહ નવલસિંહ, જુનાબારીયા
શ્રી પટેલ ગોપાલભાઇ નટવરલાલ, ભુવાલ
શ્રી પટેલ જસવંતકુમાર પર્વતભાઇ, રુવાબારી
શ્રી પટેલ મુકેશભાઇ હિંમતભાઇ, ઝાબ
શ્રી પટેલ રમેશભાઇ નવલાભાઇ, મોટી ખજુરી
શ્રી પટેલ સ્વરૂપસિંહ સોરમસિંહ, (કાલીયાકોટા)કુલપુરા ડાંગરીયા
શ્રી પટેલ સ્વરૂપસિંહ સોરમસિંહ, કુલપુરા ડાંગરીયા
શ્રી પટેલીયા હરીસિંહ પુનાભાઇ, હિન્દોલીયા
શ્રી પરમાર શૈલેષકુમાર સોમસિંહ, મોટીમંગોઈ
શ્રી બારીયા સુરપાલસિંહ ધનસુખભાઇ, (દુધીયા) સિંગોર
શ્રી બારીયા સુરપાલસિંહ ધનસુખભાઇ, સિંગોર
શ્રી બારીયા હસમુખભાઇ ચીમનભાઇ, સાલીયા
શ્રી ભાભોર રાજેશકુમાર રૂપસીંગ, મેન્દ્રા
શ્રી રાઠવા જયંતિભાઇ મકનાભાઇ, બારા
શ્રી રાઠવા કુલાભાઇ તેરાભાઈ, કાકલપુર
શ્રી રાઠવા રમણભાઇ ગમીરભાઇ, વાંદર
શ્રી રાઠવા રમેશભાઇ ચંદ્રસિંહ, સાગટાળા
શ્રી હરીજન ચેતનકુમાર બાબુભાઇ, ઉચવાણ
શ્રી પટેલ ચેમાભાઇ ગલાભાઇ, મેઘામુવાડી
શ્રી મકવાણા માનાભાઇ લાલાભાઈ, ભુતીયા
શ્રીમતી વેસ્તીબેન મગનભાઇ પટેલ, અંતેલા
શ્રીમતી માવી સરલાબેન નારસિંગભાઇ, ભુલવાણ
શ્રીમતી શકુંતલાબેન સોમાભાઇ ખાબડ, નાની ખજુરી
સાગટાળા વિ.મો.ક.ખે.વિ.સ.મં., ડભવા
હંસાબેન જેઠાભાઇ પરમાર, પીપલોદ

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 28, No.165

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# પંચમહાલની હાલોલ અને કાલોલ નગર પાલિકાના પ્રમુખ-ઉપપ્રમુખની વરણી કરાઈ

કાલોલ,

પંચમહાલ જીલ્લાની હાલોલ અને કાલોલ નગર પાલિકાના નવા હોદ્દેદારોની નિમણૂંક કરવામાં આવી હતી. ભાજપના મહામંત્રીઓએ ચુંટણી અધિકારીની હાજરીમાં સીલ બંધ મેન્ડેટ ખોલ્યા હતા.

હાલોલ નગર પાલિકામાં સામાન્ય મહિલા બેઠક ઉપરથી વિજેતા થયેલ નિશાબેન અરૂણભાઈ દેસાઈને પ્રમુખ બનાવવામાં આવ્યા છે અને ઉપપ્રમુખ તરીકે ડૉ. સંજયભાઈ પટેલની નિયુકત કરવામાં આવ્યા. કારોબારી અદયક્ષ તરીકે પ્રમોદસિંહ દિલીપસિંહ રાઠોડ, પક્ષના નેતા અરવિંદસિંહ ભરતસિંહ પરમારને દંડક તરીકે અલકાબેન પ્રવિણભાઈ પંચાલની નિમણૂંક કરવામાં આવી છે.

કાલોલ નગર પાલિકામાં અનુસૂચિત જાતિની અનામત બેઠક પર હસમુખભાઈ બાબુભાઈ મકવાણાને પ્રમુખ તરીકે નિયુકત કરવામાં આવ્યા છે. ઉપપ્રમુખ તરીકે ગૌરાંગકુમાર છબીલદાસ દરજીની નિમણૂંક કરાઈ છે. કારોબારી ચેરમેન જયોત્સનાબેન રાજુભાઈ બેલદાર, પક્ષના નેતા તરીકે હરીકૃષ્ણકુમાર કંચનભાઈ પટેલ અને દંડક તરીકે ધર્મીષ્ઠાબેન પ્રજ્ઞેશકુમાર પટેલની નિમણૂંક કરવામાં આવી છે. હાલોલ અને કાલોલ નગર પાલિકામાં પક્ષના મેન્ડેટની નિયુકત થયેલ પ્રમુખ, ઉપપ્રમુખ અને અન્ય હોદ્દેદારોને શુભેચ્છા પાઠવી હતી.

# ગોધરાકાંડના ૧૪ સાક્ષીઓની સુરક્ષા હટાવાઈ, એસઆઈટીના રિપોર્ટ બાદ કેન્દ્ર સરકારનો નિર્ણય

નવીદિલ્હી

ગોધરાકાંડના સાક્ષીઓની સુરક્ષા હટાવવામાં આવી છે. કેન્દ્ર સરકારે આ નિર્ણય ગૃહમંત્રાલયની ભલામણ બાદ લીધો છે. સુત્રો અનુસાર, કૂલ ૧૪ સાક્ષીઓની સુરક્ષા પરત લેવામાં આવી છે.સીઆઈએસએફના ૧૫૦ જવાનો આ સાક્ષીઓની સુરક્ષા કરતા હતા.

ગૃહમંત્રાલયે આ નિર્ણય માટે વિશેષ તપાસ ટીમના રિપોર્ટને આધાર બનાવ્યો છે.એસઆઈટીએ ૧૦ નવેમ્બર ૨૦૨૩માં પોતાનો ભલામણ રિપોર્ટ સોપ્યો હતો જેમાં સાક્ષીઓની સુરક્ષા હટાવવાનું સૂચન આપવામાં આવ્યું હતું. રિપોર્ટ અનુસાર, વતર્માન પરિસ્થિતિને ધ્યાનમાં રાખતા આ પગલુ ભરવામાં આવ્યું છે.

ગોધરાકાંડના જે ૧૪ સાક્ષીઓની સુરક્ષા હટાવવામાં આવી છે તેમાં હબીબ રસૂલ સય્યદ, અમીનાબેન હબીબ રસૂલ સૈયદ, અકીલાબેન યાસીનમિન, સૈયદ યૂસુફભાઈ, અબ્દુલભાઈ મરિયમ અપ્પા, યાકુબભાઈ, રઝાકભાઈ, અપ્તર હુસૈન, નઝીમભાઈ સત્તારભાઈ, માજિદભાઈ શેખ, યાનુશ મહમદ, હાજી મયુદીન, સમસુદીન ફરીદાબાનુ, સમસુદીન મુસ્તફા ઈસ્માઈલ, મદીનાબીબી મુસ્તફા અને ભાઈલાલભાઈ ચંદુભાઈ રાઠવા સામેલ છે.

ગોધરાકાંડને ૨૩ વર્ષ પૂર્ણ થયા છે. ફેબ્રુઆરી ૨૦૦૨માં સાબરમતી એકસપ્રેસના એક ડબ્બામાં આગ લાગ્યા બાદ ૫૯ કાર સેવકોના મોત થયા હતા. જે બાદ દેશભરમાં સાંપ્રદાયિક રમખાણ ભડકી ગયા હતા. આ ઘટના બાદ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ એક તપાસ પંચની રચના કરી હતી. પંચમાં ન્યાયમૂર્તિ જીટી નાણાવટી અને ન્યાયમૂર્તિ કેજી શાહ સામેલ હતા. આયોગે પોતાના રિપોટર્માં કહ્યું કે માર્યા ગયેલા ૫૯ લોકોમાંથી મોટાભાગના કાર સેવક ઉત્તર પ્રદેશના અયોધ્યાથી પરત ફરતા હતા.

# પંચમહાલ આરોગ્ય વિભાગના પંચાયત સેવાના કર્મચારીઓએ પડતર માંગણીને લઈ માસ સીએલ અને ધરણા સાથે વિરોધ કર્યો

ગોધરા,

ગુજરાત રાજય આરોગ્ય કર્મચારી મહાસંઘ ગાંધીનગરના આદેશ મુજબ પંચમહાલ જીલ્લાના આરોગ્ય કર્મચારીઓ આજે સામૂહિક રીતે સીએલ પર ઉતરીને લાંબા સમયથી પડતર માંગણીઓનું નિરાકરણ આવતા ધરણા કર્યા હતા.

પંચમહાલ જીલ્લા આરોગ્ય વિભાગના ચાર મુખ્ય ક્રેડરમાં મલ્ટી પર્પઝ હેલ્થ સુપરવાઈઝર, ફીમેલ હેલ્થ સુપરવાઈઝર, મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર અને ફીમેલ હેલ્થ વર્કરની મુખ્ય માંગણીઓમાં ટેકનિકલ ક્રેડરમાં સમાવેશ કરવો, ગ્રેડ પે અને પગાર સુધારણા કરવી તેમજ મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર અને ફીમેલ હેલ્થ વર્કરને ખાતાકીય પરીક્ષા માંથી મુકિત આપવામાં માંગનો સમાવેશ થાય છે. આજરોજ પંચમહાલ જીલ્લા આરોગ્ય કર્મચારીઓએ સીએલ ઉપર ઉતરી ધરણા કરી પોતાની માંગો માટે બાયો ચડાવી છે.

# વૈષ્ણવાચાર્ય કુંજેશકુમારજીની ઉપસ્થિતિમાં કાલોલ ના પ્રયાગરાજ ચોકમા વૈષ્ણવો દ્વારા ભવ્ય ફુલ ફાગ રસીયા મનોરથ યોજાયો



કાલોલ,

આગામી ડોલોત્સવના ઉપલક્ષમાં કાલોલના આંગણે ફુલફાગ મનોરથ અને હોળી રસીયાનું આયોજન થતાં વૈષ્ણવ સમાજ પુષ્ટિ રંગે રંગાયો હતો. કાલોલ વૈષ્ણવ સમાજ દ્વારા ફુલફાગ ફાગ મનોરથ અને હોળી રસીયા નું આયોજન કરવામાં આવ્યું હતું. આજરોજ રામજી મંદિર પ્રયાગરાજ ચોકમાં હોળી રસીયાનો વિશેષ ઉત્સવ પુષ્ટિ ભૂષણ પૂ.પા.ગો. ૧૦૮ કુંજેશ કુમારજી મહારાજ (કડી – અમદાવાદ) અને પૂ.ચી. સાનિદયકુમાર મહોદયના અલૌકિક સાનિધ્યમાં ઉજવાયો હતો. ઉત્સવની ઉજવણીના ઉપલક્ષમાં આજે સુધા સત્સંગ મંડળ પાઠશાળામાંથી વલ્લભકુળ પરીવારને વાજતે ગાજતે બેન્ડ વાજા સાથે પ્રયાગરાજ ચોક ખાતે આવકાર્યા હતા. વૈષ્ણવોના સુચારૂ આયાજનો મદયે વલ્લભકુળ પરિવારના સ્વાગત સમારોહ સાથે પૂ. ના વચનામૃત અને ચરણસ્પર્શનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. વલ્લભકુળ પરિવારના પ્રેરક સાનિદ્યમાં સમસ્ત વૈષ્ણવ સમાજે ફુલફાગ ખેલ અને હોળી રસીયાનો અલૌકિક લાહવો લૂંટયો હતો. કૃષ્ણ ભજન મંડળ ડેરોલ સ્ટેશનના કીર્તનકારોના કર્ણ પ્રિય સંગીતમાં રસિયા કીર્તનના મધુર સ્વર સાથે તાલ મિલાવી ‘‘કાન્હા પિચકારી મત માર‘‘ ,‘‘ આજ બિરજ મે હોલી રે રસીયા‘‘ ના ગાન સાથે વૈષ્ણવજનો ઝૂમી ઉઠયા હતા. આ તબક્કે પુષ્ટિ ભકિતમાં લીન સમસ્ત વૈષ્ણવ વૃંદે વલ્લભકુળ પરીવારને ગુલાબપર્ણો થી હોળી ખેલાવી અનેરો ગોપીભાવ પ્રગટ કર્યો હતો. નગર સમેત આસપાસના વૈષ્ણવ મહેરામણ ઉમટી પડયો હતા. ઉત્સવના અંતે અંદાજીત ૧૫૦૦ જેટલા વૈષ્ણવો માટે ભોજન પ્રસાદની વ્યસ્થા કાલોલ વૈષ્ણવ સમાજ તરફથી કરવામાં આવી હતી.

## શહેરામાં ૧,૬૨૯ વીજ ગ્રાહકો પાસેથી ૩૪.૮૮ લાખ વસુલતી એમ.જી.વી.સી.એલ

શહેરા,

શહેરા પાલિકા વિસ્તાર સહિત તાલુકાના ભુરખલ, નાથુજીના મુવાડા, ધાયકા, મીઠાપુર, તરસંગ, વાડી, વલ્લવપુર, મોરવા, બીલીથા, સાદરા, ગોકળપુરા, વાઘજીપુર, લાભી, સરાડીયા, સદનપુર,મંગલીયાણા, અને માતરીયા વ્યાસ ગામોના વીજ કનેકશનોનુ વીજ વપરાશનુ બિલ બાકી હોવાથી ગોધરા તથા શહેરા કચેરીની કુલ ૬૪ ટીમો દ્વારા વીજ બિલની રકમ વસુલવા માટે મેગા ડ્રાઈવ હાથ ધરાયુ હતુ. જેમાં ૧,૬૨૯ ગ્રાહકો પાસેથી રૂ.૩૪.૮૮ લાખ જેવી બાકી બિલની રકમ વસુલી હતી. જયારે ૧૯૮ કનેકશન કે જેના રૂ.૭.૧૫ લાખના વીજ બિલ બાકી હોવાથી બાકી વીજ બિલ ભરપાઈ ન કરાતા તમામ ૧૯૮ વીજ કનેકશનો કાપી નાંખ્યા હતા. વધુમાં જાન્યુઆરી–૨૫માં ૧૨,૦૭૮ ગ્રાહકો પાસેથી રૂ.૨.૧૫ કરોડ તથા ફેબ્રુઆરી–૨૫માં ૧૨,૭૦૯ ગ્રાહકો પાસેથી રૂ.૧.૮૫ કરોડની વસુલાત કરાઈ હતી. હજુ રૂ.૨.૩૦ કરોડ બાકી છે.

## ગોધરાના નવા બહારપુરા વિસ્તારમાં મોબાઈલ ટાવર લગાવવા સામે સ્થાનિકોનો વિરોધ

ગોધરા,

ગોધરા શહેરના નવા બહારપુરા વિસ્તારમાં આવેલ કબ્રસ્તાનમાં જીયો કંપની દ્વારા નાંખવામાં આવી રહેલા ટાવરનો સ્થાનિક રહિશોએ વિરોધ નોંધાવી જિલ્લા કલેકટર અને પાલિકાના ચીફ ઓફિસરને લેખિત રજુઆત કરી હતી. ગોધરાના નવા બહારપુરા વિસ્તારમાં આવેલા કબ્રસ્તાનમાં હાલ જીયો કંપની દ્વારા ટાવર નાંખવાની કામગીરી હાથ ધરાઈ રહી છે. જે સામે સ્થાનિક રહિશોએ વિરોધ કરી કલેકટર અને ચીફ ઓફિસરને લેખિત રજુઆત સાથે ઉગ્ર માંગ કરી કામગીરી ઉપર રોક લગાવવામાં માંગ કરી હતી. રજુઆતમાં સ્થાનિકોએ એમ પણ જણાવ્યુ હતુ કે, કબ્રસ્તાની પાસે ગરીબ અને મદયમ વર્ગની વસ્તી વસવાટ કરે છે. કબ્રસ્તાનમાં જો ટાવર નાંખવામાં આવે તો તેના રેડિયેશનથી સ્થાનિકોના બાળકો તેમજ સ્થાનિકોને શારીરિક અને માનસીક તકલીફ સાથે આરોગ્યને પણ નુકસાન પહોંચવાનો ભય રહેલો છે. માટે તાત્કાલિક ધોરણે આ ટાવર નાંખવાની કામગીરી બંધ કરી રોક લગાવવામાં આવે તેવી માંગ સ્થાનિક રહિશો દ્વારા કરાઈ હતી.

## હાલોલના કંજરી રોડ પર વેસ્ટ ટુ વેન્ડર પાર્કનુ નિર્માણ

હાલોલ,

હાલોલ પાલિકા દ્વારા કંજરી રોડ પર આવેલ હનુમાનજી મંદિર પાસેના દબાણ દુર કરી વેસ્ટ ટુ વન્ડરના પાર્કનુ નિર્માણ કરી શહેરની સુંદરતા સગવડતાનો નવો ચીલો ચીતર્યો છે. જેમાં જપ્ત કરાયેલા વેસ્ટ પ્લાસ્ટિકમાંથી બનાવેલા ટાઈલ્સ બ્લોકનો ઓટલો બનાવી તેની ઉપર બાંકડા બેંચ મુકી લોકોને બેસવા માટેની સુંદર બેઠક વ્યવસ્થા કરવામાં આવી છે. હાલોલ પાલિકા ચીફ ઓચિસર હિરલ ઠાકર દ્વારા નગરને સ્વચ્છ, સુંદર અને સુશોભિત કરવાના અભિયાન હેઠળ એક અનોખી પહેલ હાથ ધરી છે. જેમાં ગત દિવસોમાં જીઆઈડીસી સહિત વિસ્તારની અનેક પ્લાસ્ટિક કંપનીમાંથી કેન્દ્ર સરકાર દ્વારા પ્રતિબંધિત સીંગલ યુઝ પ્લાસ્ટિકનો ૮૫૦ ટન જેટલો અનઅધિકૃત જથ્થો ઝડપી પાડ્યો હતો. જે જથ્થામાંથી ૩૦ ટન જેટલા જથ્થાને રિસાયકલિંગ કરી તેમાંથી ટકાઉ અને મજબુત આકર્ષક પ્લાસ્ટિકના ટાઈલ્સ બ્લોક તેમજ સુંદર અને આકર્ષક એવી ટકાઉ મજબુત બેંચ બનાવ્યા હતા. જેમાં કંજરી રોડ પર હનુમાનજી મંદિર પાસે લારી–ગલ્લા સહિતના દબાણો આવેલા હતા. જે દુર કરી દર્શને આવતા દર્શનાર્થીઓ સહિત જાહેર જનતાને નિરાંતે બેસવા માટે વેસ્ટ ટુ વન્ડર પાર્કનુ નિર્માણ કરાયુ છે. જેમાં જપ્ત કરાયેલા વેસ્ટ પ્લાસ્ટિકમાંથી બનાવેલા ટાઈલ્સ બ્લોકનો સુંદર ઓટલો બનાવી તેની ઉપર બાંકડા મુકી લોકોને બેસવા માટેની સુંદર બેઠક વ્યવસ્થા કરવામાં આવી હતી. જયારે શહેરના અન્ય વિસ્તારોમાં પણ જયાં કચરા અને ગંદકીના ઢગ ખડકાતા હતા તેવા ૧૦ હજાર જેટલા જાહેર સ્થળોની પણ કાયાપાલટ કરી આ પ્રકારના વેસ્ટ ટુ વન્ડર પાર્કનુ નિર્માણ કરી જાહેર જનતાને બેસવા લાયક બેઠક વ્યવસ્થાનુ સુંદર આયોજન કર્યુ છે.

## ગોધરાના ભુરાવાવ વિસ્તારમાં નવા બસ સ્ટેન્ડની કામગીરી પુરજોશમાં : ટુંક સમયમાં પુર્ણ થશે

ગોધરા,

ગોધરા હાલ જે કાર્યરત બસ સ્ટેન્ડને નવીન બસ સ્ટેન્ડ ખાતે ખસેડાશે તો હાલ જે કાર્યરત બસ સ્ટેન્ડની આસપાસ સ્થાનિક દુકાનદારો તેમજ વેપારીઓની હાલત કફોડી બનશેની ભિતી પણ સ્થાનિક વેપારીઓ દ્વારા સેવાઈ રહી છે.

ગોધરા શહેરમાં ભુરાવાવ વિસ્તારમાં આવેલી ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહારની કચેરી, વર્કશોપ સામે આગામી ટુંક સમયમાં શરૂ થનાર નવીન બસ સ્ટેન્ડની કામગીરી હાલ પુરજોશમાં ચાલી રહી છે. જે હવે પુર્ણતાના આરે છે. હાલ નવીન બસ સ્ટેન્ડ ખાતે મુસાફરો તેમજ એસ.ટી.બસના ચાલકો, કંડકટરો, માટે જરૂરિયાત પ્રાથમિક સુવિધાઓ મળી રહે તે માટેની કામગીરી પણ હાથ ધરાઈ રહી છે. લાખો રૂપિયાના ખર્ચે નવીન બની રહેલ બસ સ્ટેન્થી સ્થાનિક તેમજ બહારથી આવતા મુસાફરોને સુવિધા યુકત બસ સ્ટેન્ડ તો મળશે સાથે હાલ જે બસ સ્ટેન્ડ કાર્યરત છે તેને ટુંકા ગાળામાં નવીન બસ સ્ટેન્ડ ખાતે સ્થળાંતર કરાશે. હાલના બસ સ્ટેન્ડની આજુબાજુના સ્થાનિક દુકાનદારો વેપારીઓની હાલત કફોડી બનશેની ભિતી સેવાઈ રહી છે. કારણ કે નવીન બસ સ્ટેન્ડ કાર્યરત થશે તો તે સ્થળે જગ્યા કે દુકાન મળશે કે કેમ તે પણ એક મહત્વનો પ્રશ્ન છે. જે દુકાનદારો અને વેપારીઓમાં ચર્ચાઈ રહ્યો છે. ત્યારે બધાની વચ્ચે હાલ તો એસ.ટી.વિભાગ દ્વારા ભુરાવાવ વિસ્તારમાં આવેલા સતનામ સાક્ષીના ગેટ પાસે એસ.ટી.વિભાગની દિવાલને તોડવામાં આવી છે. અને આરસીસી વર્ક ચાલુ કરી દેવાયુ છે.

# હાલોલમાં વેરો ન ભરતા પાલિકાએ માં કૃપા સેન્ટરની એક દુકાન સીલ કરી

હાલોલ,

હાલોલ પાલિકાની વેરા વસુલાત ટીમે લાંબા સમયથી મિલ્કત વેરો ન ભરાતા માં કૃપા સેન્ટરમાં બીજા માળે આવેલ દુકાન સીલ કરી હતી.

હાલોલ પાલિકાના ચીફ ઓફિસર હિરલબેન ઠાકરે નગરમાં લાંબા સમયથી મોટી રકમનો મિલ્કત વેરો ન ભરતા મિલ્કત ધારકો સામે વેરા વસુલાત કરવાની કામગીરી કરવાની સુચના આપવામાં આવી હતી. જેમાં વસુલાત ટીમે લાલ આંખ કરી કાયદાકિય કાર્યવાહી અંતર્ગત મિલ્કતો સીલ કરવા માટેની કામગીરીની કવાયત હાથ ધરી હોવાનુ જાણવા મળેલ છે. જેમાં કંજરી રોડ પર મામલતદાર કચેરી પાસે આવેલ માં કૃપા સેન્ટરમાં બીજા માળે આવેલ એક દુકાનનો રૂ.૨૨,૨૫૭ રકમનો મિલ્કત વેરો બાકી હોવાથી તા.૨૫ ફેબ્રુઆરીના રોજ દુકાનના માલિકને બાકીનો મિલ્કત વેરો ભરી જવા માટે નોટિસ પાઠવી હતી. તેમ છતાં દુકાન માલિક રાઠોડ અરૂણાબેન નરેશભાઈએ પોતાની દુકાનનો બાકી નીકળતો વેરો ન ભરતા વેરા વસુલાતની ટીમે કડક કાર્યવાહી હાથ ધરી હતી. પાલિકાની વેરા વસુલાતની ટીમે સીલ મારી દેતા લાંબા સમયથી હજારો રૂપિયાની રકમનો મિલ્કત વેરો ન ભરતા વિવિધ મિલ્કતોના માલિકોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

## હાલોલ-પાવાગઢ રોડ ઉપર રાત્રીના સમયે બે બાઈકો વચ્ચે અકસ્માતમાં ૩ વ્યકિતને ઈજાઓ

હાલોલ,

હાલોલ–પાવાગઢ રોડ ઉપર ગતરાત્રીએ બે બાઈકો વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતની ઘટનામાં ૩ વ્યકિતઓને ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત પૈકી બેને પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે વડોદરા રિફર કરવામાં આવ્યા હતા. જયારે એક વ્યકિતને હાલોલ ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ–પાવાગઢ રોડ ઉપર રાત્રીના સમયે બે બાઈકો વચ્ચે અકસ્માત સર્જાયો હતો. સરસવા ગામના ગણપતભાઈ રાઠવા હાલોલના સફારી કંપનીમાં નોકરી કરતા હોય રાત્રે નોકરી છુટયા બાદ સહકર્મચારી રમીલાબેન રાઠવાને સાથે બાઈક ઉપર પસાર થઈ રહ્યા હતા. દરમિયાન હાલોલ અયોદયા નગરમાં રહેતા કાર્તિકભાઈ મહેશભાઈ ચાવડા પોતાની બાઈક લઈને ઘર તરફ પરત આવી રહ્યા હતા. તે સમયે બન્ને બાઈકો વચ્ચે સામસામે અકસ્માત સર્જાયો હતો. જેમાં ત્રણ વ્યકિતને ઈજાઓ પહોંચતા ૧૦૮ મારફતે ઈજાગ્રસ્તોને હાલોલ સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ગંભીર ઈજાગ્રસ્ત થયેલ ગણપતભાઈ રાઠવા અને રમીલાબેન રાઠવાને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે વડોદરા ખસેડવામાં આવ્યા હતા. જયારે કાર્તિક રાઠવાને હાલોલ ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

## ગોધરાના કાંકણપુર ગામે હાટ બજારમાં વેપારીના મોબાઈલની ચોરી

ગોધરા,

ગોધરા તાલુકાના કાંકણપુર ગામે આવેલ હાટ બજારમાંથી ગઠિયો વેપારીનો મોબાઈલ ફોન નજર ચુકવીને તફડંચી કરીને ફરાર થઈ ગયો હતો.

ગોધરા શહેરના ગીધવાણી રોડ પર આવેલ દડીની ચાલ પાસે રહેતા નરેશભાઈ હોટચંદ ટેકચંદાણીએ કાંકણપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેમાં તેઓ કાંકણપુર માર્કેટિંગ યાર્ડ ખાતેના હાટ બજારમાં વેપાર માટે આવ્યા હતા. ગઠિયાએ નરેશભાઈ હોટચંદ ટેકચંદાણીનો મોબાઈલ ફોન નજર ચુકવીને તફડંચી કરી ફરાર થઈ ગયો હતો. સમગ્ર ઘટનાને લઈ ગઠિયા સામે કાંકણપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે.

## ઝાલોદના કોલીવાડા વોર્ડ નં.-૨માં નવી આંગણવાડી ફાળવવા માંગ

ઝાલોદ,

ઝાલોદ શહેરના લઘુમતિ મોરચા દ્વારા જિલ્લા પ્રોગ્રામ ઓફિસરને સંબોધિને ઝાલોદ નગરપાલિકાના વોર્ડ નં.–૨માં નવીન ૩ આંગણવાડી ફાળવવા માટે રજુઆત કરવામાં આવી હતી. જેમાં જણાવ્યુ હતુ કે, ઝાલોદ શહેરના વોર્ડ નં.–૨માં વર્ષોથી ભાડાના મકાનમાં આંગણવાડી ચાલી રહી છે. નવીન આંગણવાડી ફાળવવા માટે સ્થાનિક આગેવાનો દ્વારા રજુઆતો કરવામાં આવી છે. ઝાલોદ પાલિકા દ્વારા પણ તાલુકા કુમાર શાળા પાસે જયાં જુની આંગણવાડી કાર્યરત ત્યાં જ નવીન આંગણવાડી બનાવવામાં આવી છે. પરંતુ આ જગ્યા ઉપર જન જનાવર નીકળતુ હોવાને લઈને બાળકોમાં ભય પેદા થયો હતો. એ જ જગ્યા ઉપર નવીન આંગણવાડી બનાવવામાં આવી છે. અન્ય એક આંગણવાડી કોર્ટના પાછળના ભાગે વર્ષોથી ભાડે ચલાવવામાં આવી રહી છે. ત્યારે વોર્ડ નં.–૨માં ૫,૦૦૦ ઉપરાંતની વસ્તી વસવાટ કરી રહી છે. જેથી આ વોર્ડમાં નવીન ૩ આંગણવાડી ફાળવવામાં આવે તેવી લેખિત રજુઆત કરાઈ હતી.

# છોટાઉદેપુરના રાજવાસણા ગામે હેરણ નદી પર ગુજરાતનો પ્રથમ ‘રબલ ડેમ’ બનશે

નસવાડી,

છોટાઉદેપુર જિલ્લાના રાજવાસણા ગામે હેરણ નદી ઉપર ગુજરાતના સૌપ્રથમ રબલ ડેમનુ હોળી પછી ખાતામુર્હુત થશે આ સિંચાઈ વિભાગ દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. હેરણ નદીના જુના જર્જરિત ડેમના સ્થાને આ નવો ડેમ રૂ.૧૦૦ કરોડના ખર્ચે તૈયાર થશે.

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી, નસવાડી અને પાવીજેતપુરની સરહદ ઉપર હેરણ નદી પસાર થાય છે. હેરણ નદી ઉપર રાજવાસણા ગામ પાસે રજવાડી શાસન વખતમાં બનેલો ડેમ જર્જરિત થતાં નદીના પ્રવાહમાં વહી જતાં પાણી રોકાતુ ન હતુ. બીજી તરફ આ વિસ્તારોમાં સિંચાઈની બીજી બોઈ સુવિધા નથી. જેને લઈને ખેડુતો આ ડેમના રિપેરીંગ માટે રજુઆત કરી રહ્યા હતા દરમિયાન રાજય સરકારે આ ડેમ પાસે ગુજરાતનો સૌપ્રથમ રબલ ડેમ બનાવવા માટે ૧૦૦ કરોડ રૂપિયા મંજુર કર્યા છે. આ ડેમ ૧૮૦ મીટરની લંબાઈ અને ૬ મીટરની ઉંચાઈનો બનશે. ડેમનુ સંચાલન બોડેલી સુખી સિંચાઈ વિભાગ કરશે. રબલ ડેમ બનવાથી ૩૦થી વધુ ગામોને સિંચાઈનુ પાણી મળશે. આદિવાસી વિસ્તારમાં સિંચાઈ માટે ડેમની જરૂરિયાત હતી. ખેડુતો માટે આ રબલ ડેમ આર્શિવાદ રૂપ બનશે. હાલમાં તો સુખી જળાશય યોજનાના અધિકારીઓ ડેમના ખાતામુર્હુતની તૈયારીઓમાં લાગી ગયા છે. છોટાઉદેપુર જિલ્લાના અત્યાર સુધીના ઈતિહાસમાં પ્રથમ વખત ડેમ માટે આટલી મોટી રકમ ફાળવવામાં આવી છે. આ બજેટમાં ડેમની સાથે કેનાલો પણ તૈયાર કરવામાં આવશ. રબલ ડેમ બની ગયા બાદ હેરણ નદીમાં બારે માસ પાણી રહેવાની સંભાવના છે. જેનાથી સિંચાઈની સાથે આસપાસના ૨૫ થી ૩૦ ગામોને પીવાના પાણીની સમસ્યાનો અંત આવશે.

# દાહોદના ખરોડ ગામે નદીના પુલ સાથે ૬૯ વર્ષીય વ્યકિતનું મોપેડ અથડાતા ગંભીર ઈજાઓ થતાં મોત

દાહોદ,

દાહોદ તાલુકાના ખરોડ ગામેથી પસાર થતી નદીના પુલ પાસે એક ૬૯ વર્ષિય વૃધ્ધની મોપેડ ટુ વ્હીલર ગાડી નદીના પુલની દિવાલ સાથે ધકાભેર અથડાતાં ૬૯ વૃધ્ધનું શરીરે ગંભીર ઈજાઓને પગલે મોત નીપજયાંનું જાણવા મળે છે.

ગત તા.૦૩ માર્ચના રોજ દાહોદના બાજરવાડા ગામે રહેતાં ૬૯ વર્ષિય જશવંતભાઈ વાલાભાઈ સંગાડા પોતાના કબજાની મોપેડ ટુ વ્હીલર ગાડી લઈ બાજરવાડાથી દાહોદ આદીવાસી સોસાયટી ખાતે આવતાં હતાં ત્યારે રસ્તામાં દાહોદના ખરોડ ગામે પાટ નદીના પુલ પાસે આવેલ દિવાલ સાથે જશવંતભાઈની મોપેટ ટુ વ્હીલર ગાડી ધડાકાભેર અથડાતા જશવંતભાઈ મોપેડ ટુ વ્હીલર ગાડી પરથી ફંગોળાયાં હતાં જેને પગલે તેઓને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેઓનું મોત નીપજ્યું હતું.

આ સંબંધે ભિષ્મન જશવંતભાઈ સંગાડાએ દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.